અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ નવેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૮ | અંક : ૧૨૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


આર્ટિકલ ૩૭૦ પર શરદ પવાર અને કોંગ્રેસને પડકાર । કોંગ્રેસ પાર્ટી ૭૫ વર્ષથી રામ મંદિરને લટકાવી રહી હતી, રાહુલ ગાંધી અયોધ્યા નથી ગયા : અમિત શાહ

## તમારી ચાર પેઢીઓ પણ આવશે તો પણ આર્ટિકલ ૩૭૦ પાછું નહીં આવે : શાહ

**। (એજન્સી) મુંબઈ, તા.૮ ।**

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ મહારાષ્ટ્રનું રાજકીય તાપમાન વધી રહ્યું છે. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીના BJP પર કરેલા હુમલા બાદ હવે અમિત શાહે જવાબ આપ્યો છે. અમિત શાહે શુક્રવારે (૮ નવેમ્બર ૨૦૨૪) રાહુલ ગાંધી, કોંગ્રેસ અને મહાવિકાસ અઘાડી ગઠબંધન પર જોરદાર હુમલો કર્યો. સાંગલીમાં એક જનસભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હું સ્ફછ વાળાને પૂછવા આવ્યો છું કે ઔરંગાબાદનું નામ સંભાજી નગર હોવું જોઈએ કે નહીં?" અમિત શાહે તેમના ભાષણમાં જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ગુરુવારે થયેલા



હંગામાનો ઉલ્લેખ કરતા કહ્યું કે શરદ પવાર અને કોંગ્રેસવાળા કલમ ૩૭૦નું સમર્થન કરે છે. હું આ લોકોને સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે તમારી ચાર પેઢીઓ પણ આવશે તો પણ આર્ટિકલ ૩૭૦ પાછું નહીં આવે. અમિત શાહ અહીં જ અટક્યા નહીં. તેમણે રામ મંદિરનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પાર્ટી પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ૭૫ વર્ષથી રામ મંદિરને લટકાવી રહી હતી. રાહુલ ગાંધી અયોધ્યા નથી ગયા, તેમને વોટ બેંકનો ડર લાગે છે. અમે BJP વાળા વોટ બેંકથી નથી ડરતા. અમે કાશી વિશ્વનાથનો કોરિડોર પણ બનાવ્યો, સોમનાથનું મંદિર પણ સોનાનું બની રહ્યું છે. તેમણે આગળ કહ્યું કે અહીં તુષ્ટિકરણની રાજનીતિ ચાલી રહી છે, તેને રોકવાનો એકમાત્ર રસ્તો BJP ની સરકાર છે, મહાયુતિની સરકાર છે. સતારાના કરાડમાં અમિત શાહે કહ્યું કે આખા દેશને શિવાજી મહારાજ પર ગર્વ છે. સતારા જિલ્લો વીરોની ભૂમિ રહી છે. રાહુલ બાબા અગ્નિવીર અંગે જૂઠ ફેલાવી રહ્યા છે. તમે તેમના ભ્રમમાં ના આવશો.

અથડામણમાં બે આતંકી ઠાર મરાયા

## જમ્મુ-કાશ્મીરના સોપોરમાં સેના અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ

**। (એજન્સી) શ્રીનગર, તા. ૮ ।**

જમ્મુ-કાશ્મીરના સોપોર વિસ્તારમાં છુપાયેલા આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે ગુરુવારે ગોળીબાર શરૂ થયો હતો. મોડીરાતથી ચાલી રહેલી અથડામણમાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, ''સોપોરના સાગીપોરા વિસ્તારમાં આતંકવાદીઓનું એક ગ્રુપ છુપાયું હોવાની ચોક્કસ બાતમી મળ્યા બાદ સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.'' આ પહેલા બુધવારે બાંદીપોરા અને કુપવાડામાં પણ સેનાએ આતંકીઓનો સામનો કર્યો હતો. કુપવાડાના લોલાબમાં થયેલી અથડામણમાં એક આતંકી માર્યો ગયો હતો. સેનાએ બાંદીપોરામાં પણ એક આતંકીને ઠાર માર્યો હતા.



આતંકવાદીઓની નજીક પહોંચ્યા ત્યારે તેઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને એન્કાઉન્ટર કર્યું. મળતી માહિતી મુજબ, અહીં ત્રણથી ચાર આતંકીઓ છુપાયા છે જેમાંથી સેનાએ ૨ આતંકીઓને ઠાર માર્યા છે. કાશ્મીર ઝોન પોલીસે કહ્યું કે, માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ અને જોડાણની ખાતરી કરવામાં આવી રહી છે. તેમની પાસેથી ગુનાહિત સામગ્રી, હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. આતંકવાદીઓના અનેક હુમલા બાદ સુરક્ષા દળોએ તાજેતરના સમયમાં આતંકવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન વધાર્યું છે.

૨૦ ઓક્ટોબરના રોજ, આતંકવાદીઓએ ગાંદરબલ જિલ્લાના ગગનગીર વિસ્તારમાં એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ કંપનીના લેબર કેમ્પ પર હુમલો કર્યો હતો, જેમાં સાત લોકો માર્યા ગયા હતા. ૨૪ ઓક્ટોબરે બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગના બોટાપાથરી વિસ્તારમાં આતંકવાદીઓએ સેનાના એક વાહન પર હુમલો કર્યો હતો, જેમાં સેનાના ત્રણ જવાન અને બે નાગરિક કુલીઓ માર્યા ગયા હતા. ગગનગીર અને ગુલમર્ગની વ્યાપક નિંદા કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે, ''આ બે આતંકવાદી હુમલામાં સામેલ લોકોને ભારે કિંમત ચૂકવવી પડશે. નાગરિકોના લોહીના દરેક ટીપાનો બદલો લેવામાં આવશે.''

સોપોર વિસ્તાર ભૂતકાળમાં અલગતાવાદીઓનો ગઢ રહ્યો છે અને ૧૯૯૦ પછી ઘણા વર્ષો સુધી વિવિધ સંગઠનોના આતંકવાદીઓ ત્યાં સક્રિય હતા. જ્યારે અહીંના સુરક્ષા દળોએ આતંકવાદ સામે તેમની અવિરત કાર્યવાહી ચાલુ રાખી, ત્યારે સોપોરે પણ તાજેતરમાં યોજાયેલી જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી દરમિયાન મોટી સંખ્યામાં મતદાન કરીને મુખ્ય પ્રવાહમાં પરત ફરીને એક નવો અધ્યાય લખ્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

#### ગ્રેટર નોઈડાની યુનિવર્સિટીમાં નર્સિંગની વિદ્યાર્થીની વચ્ચે બબાલ

**। (એજન્સી) નોઇડા, તા.૮ ।**

સોશિયલ મીડિયા પર અવારનવાર કેટલાક વીડિયો વાયરલ થતા હોય છે. વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં ૨ યુવતીઓ એકબીજા સાથે લડતી જોવા મળે છે. આ વીડિયો ગ્રેટર નોઈડાની યુનિવર્સિટીનો હોવાનું સામે આવી રહ્યું છે. જો કે વાયરલ વીડિયોના આધારે આ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. કોતવાલી પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદના આધારે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર ૫૯ સેકન્ડનો વીડિયો જોવા મળી રહ્યું છે કે નર્સિંગ યુવતીઓ એકબીજાની વચ્ચે લડી રહ્યાં છે.

#### બિહારના પૂર્ણિયામાં છઠ ઘાટ પર તોડફોડ કરાઈ

**। (એજન્સી) પટણા, તા. ૮ ।**

બિહારમાં આજ પહેલા ક્યારેય છઠ ઘાટ અને છઠ ઉપવાસ કરનારાઓને નુકસાન પહોંચાડવાની ઘટના બની નથી પરંતુ આ વખતે પૂર્ણિયાના છઠ ઘાટ પર હંગામો મચી ગયો છે. આવરાતત્વોએ છઠ ઘાટને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધો છે. ઘાટ ઉપર લાગેલા પથ્થર તોડી નાખ્યા હતા અને ત્યાં પડેલી તમામ પૂજા સામગ્રી ફેંકી દેવામાં આવી છે. ઘાટ સંપૂર્ણ ખંડેર થઈ ગયો છે. આ ઘટના માત્ર પૂર્ણિયા માટે જ નહીં પરંતુ સમગ્ર બિહાર માટે શરમજનક છે. આ ઘટના બાદ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

નિવૃત થતાં થતાં મોટી વાત કરતાં ગયા ચીફ જસ્ટિસ

## મારા ગયા પછી આ કોર્ટમાં કોઈ ફરક નહીં પડે : ચંદ્રચુડ

**ડીવાય ચંદ્રચુડે કહ્યું કે મારા ગયા પછી જસ્ટિસ સંજીવ ખન્ના જેવા સ્થિર અને પ્રતિષ્ઠિત વ્યક્તિ કોર્ટનો હવાલો સંભાળશે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

આજે, ૮ નવેમ્બર, ૨૦૨૪, દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડનો કામનો છેલ્લો દિવસ હતો. આ પ્રસંગે તેમણે પોતાનો વિદાય સંદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે ન્યાયતંત્રમાં તેમની લાંબી સફર વિશે જણાવતા બધાની માફી માંગી.

વાસ્તવમાં, તેમણે તેમના સંદેશમાં કહ્યું કે જો મેં અજાણતા કોઈને દુઃખ પહોંચાડ્યું હોય, તો કૃપા કરીને મને માફ કરો, તે વિદાય સમારંભમાં પણ ભાવુક જોવા મળ્યા હતા. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે મારા ગયા



પછી આ કોર્ટમાં કોઈ ફરક નહીં પડે, કારણ કે જસ્ટિસ સંજીવ ખન્ના જેવા સ્થિર અને પ્રતિષ્ઠિત વ્યક્તિ આ કોર્ટનો હવાલો સંભાળશે. તમને જણાવી દઈએ કે ૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ દેશના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. તેમના પછી જસ્ટિસ સંજીવ ખન્ના નવા ચીફ જસ્ટિસ હશે. તેમણે કહ્યું કે મારા કામમાં મને સાથ આપવા બદલ હું મારા સાથીદારો અને કાનૂની સમુદાયના તમામ સભ્યોનો આભાર માનું છું. તેમણે વધુમાં કહ્યું કે અમે અદાલતમાં કોઈ તીર્થયાત્રીના રૂપમાં કામ કરવા માટે આવીએ છીએ. અમે જે પગલાં લઈએ છીએ તે બાબતો બનાવી શકે છે અથવા તોડી શકે છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં ઘણા એવા મહાન ન્યાયાધીશો થયા છે જેમણે આ કોર્ટની ગરિમાને શોભાવી છે અને દેશના મુખ્ય ન્યાયાધીશના પદને આગળ વધાર્યું છે.

'The Satanic Verses' પરનો પ્રતિબંધ હટાવાયો

## સલમાન રશ્દીના વિવાદાસ્પદ પુસ્તક પરથી દિલ્હી હાઈકોર્ટે હટાવ્યો પ્રતિબંધ

**। (એજન્સી) નવી દિલ્હી, તા. ૮ ।**

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે સલમાન રશ્દીના વિવાદાસ્પદ પુસ્તક 'The Satanic Verses'ની આયાતના કેસની સુનાવણી હાથ ધરી હતી. જેમાં હાઈકોર્ટે હવે આ પુસ્તકની આયાત પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. કોર્ટે કહ્યું છે કે, અધિકારીઓ પ્રતિબંધ અંગે કોઈ નોટિફિકેશન રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છે. જેના પરથી એવું માની શકાય છે કે, પ્રતિબંધનો આદેશ અસ્તિત્વમાં જ નથી. હકીકતમાં, રાજીવ ગાંધીએ ૧૯૮૮માં સલમાન રશ્દીના વિવાદાસ્પદ પુસ્તક 'ધ સેટેનિક વર્સિસ'ની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. જેની સામે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. જસ્ટિસ રેખા પલ્લી અને સૌરભ બેનરજીની ખંડપીઠે આ નિર્ણય ૫ નવેમ્બરે સંભળાવ્યો હતો. કોર્ટના આદેશ અનુસાર, ભારત સરકારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું કે, આયાત પ્રતિબંધનો આદેશ ''યોગ્ય નહોતો, જેથી તેને રજૂ કરી શકાયો નહીં.'' જેના પર કોર્ટે કહ્યું કે, તેમની પાસે એ માનવા સિવાય હવે કોઈ એવો વિકલ્પ નથી કે આવું કોઈ નોટિફિકેશન અસ્તિત્વ હતું. અરજદાર સંદીપન ખાનના વકીલ ઉદ્યમ મુખરજીએ કહ્યું કે, '' પ્રતિબંધ ૫ નવેમ્બરે હટાવી દેવામાં આવ્યો છે કારણ કે કોઈ નોટિફિકેશન નથી.'' ખાનની અરજીમાં આગળ કહેવામાં આવ્યું કે, તેમણે પુસ્તકની દુકાનો પર એ કહેવામાં આવ્યા બાદ કોર્ટનો સંપર્ક કર્યો કે, નોવેલને ભારતમાં વેચી શકાતી નથી.

## સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે AMUનો લઘુમતી દરજ્જો યથાવત રહેશે

**। (એજન્સી) અલીગઢ, તા. ૮ ।**

સુપ્રીમ કોર્ટની સાત જજોની બંધારણીય બેંચે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) ના લઘુમતી દરજ્જાને પુનઃસ્થાપિત કરવાની માંગ કરતી અરજીઓ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને લઘુમતીનો દરજ્જો મળ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે AMUનો લઘુમતી દરજ્જો યથાવત રહેશે. સીજેઆઈએ કહ્યું કે સંદર્ભ માટેનો પ્રશ્ન હતો – શૈક્ષણિક સંસ્થાને લઘુમતી શૈક્ષણિક સંસ્થા તરીકે ધ્યાનમાં લેવાના સંકેતો



શું છે? શું કોઈ સંસ્થાને લઘુમતી શૈક્ષણિક સંસ્થા એટલે ગણવામાં આવશે કારણ કે તે ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતી સાથે જોડાયેલા વ્યક્તિ(વ્યક્તિઓ) દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી અથવા ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતી સાથે જોડાયેલા વ્યક્તિ(વ્યક્તિઓ) દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે? મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે કહ્યું કે ધાર્મિક સમુદાયો સંસ્થાઓ બનાવી શકે છે પરંતુ તેને ચલાવી શકતા નથી. કલમ ૩૦ માં આપવામાં આવેલ અધિકારો સંપૂર્ણ નથી. ધાર્મિક સમુદાયને સંસ્થાઓ ચલાવવાના અમર્યાદિત અધિકારો નથી. અનુચ્છેદ ૩૦(૧) ને નબળો પાડી શકાતો નથી. લઘુમતી સંસ્થાઓને પણ નિયંત્રિત કરી શકાય છે. CJI DY ચંદ્રચુડે કહ્યું કે મેં બહુમતી સાથે ચુકાદો લખ્યો છે. ત્રણ મતભેદ છે. જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શર્માએ પોતપોતાની અસંમતિ લખી છે. તેથી તે ૪:૩ નિર્ણય છે. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે કહ્યું કે ધાર્મિક સમુદાયો સંસ્થાઓ બનાવી શકે છે પરંતુ તેને ચલાવી શકતા નથી. કલમ ૩૦ માં આપવામાં આવેલ અધિકારો સંપૂર્ણ નથી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જેબી પારડીવાલા, જસ્ટિસ દીપાંકર દત્તા, જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બંધારણીય બેંચ આ નિર્ણય આપી રહી છે.




## સુરત ખાતે સામાજિક કાર્યક્રમમાં ગુંગળામણ થતાં ૨૦ મહિલા બેભાન

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતના નુરપુરામાં આવેલી ઈમારતના બેઝમેન્ટના હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી ૨૦થી વધુ મહિલાઓ બેભાન થઈ જતા હડકંપ મચી ગયો હતો. નોનવેજ સિઝલર ખાવા માટે મોટી સંખ્યામાં દાઉદી વ્હોરા સમાજના રાત્રિ ભોજન માટે છઝ હોલમાં મહિલાઓ ભેગી થઈ હતી, ત્યારે આ ઘટના સર્જાઈ હતી. મળતી માહિતી અનુસાર, ઝાંપાબજારના નુરપુરામાં આવેલા બેઝમેન્ટમાં હોલમાં દાઉદી વ્હોરા સમાજના રાત્રિ ભોજનમાં મોટી સંખ્યામાં મહિલાઓ ભેગી થઈ હતી. આ દરમિયાન એસી હોવમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં ૨૦થી વધુ મહિલાઓ બેભાન થઈ ગઈ હતી. આ મહિલાઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ગુંગળામણ અને ઓક્સિજન લેવલ ઓછું થઈ જતાં મહિલાઓ સાથે ઘટના બની હોવાનું બુરહાની હોસ્પિટલના તબીબોએ પરિવારના સભ્યોને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, નુરપુરામાં આવેલી ઈમારતના બેઝમેન્ટમાં બિલ્ડરે ગેરકાયદે છઝ હોલ બનાવી દઈ ભાડે આપવાનું શરૂ કર્યું છે. ત્યારે આ ગેરકાયદે મિલકત સાથે બેઝમેન્ટમાં હોલ બનાવનાર બિલ્ડરને બચાવવા આખી ઘટના છૂપાવવામાં આવી રહી છે.

## ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ભીખ મંગાવવાના નેટવર્કનો પર્દાફાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાંથી ચાઈલ્ડ તસ્કરીને નાથવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત મહિલા ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ દ્વારા રાજ્યના અલગ અલગ વિસ્તારમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશનમાં મળેલા બાળકો અને તેમના વાલીઓની પૂછપરછના આધારે એજન્ટો અને નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાં ઠેર – ઠેર સિગ્નલો પર ભીખ માગવા માટે ઉભા રહેતા બાળકોને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભીખ મંગાવવાના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનથી બાળકો લાવીને ભીખ મંગાવવા માટે લાવતા બે એજન્ટને ઝડપ્યા છે. એસ. જી. હાઈવે અને સીજી રોડ પર બાળકો પાસે ભીખ મંગાવતા હોવાનો ખુલાસો થયો છે. આરોપીઓ એક બાળક પાસેથી દૈનિક ૧૫૦ રુપિયા વસૂલતા હતા. જ્યારે બાળક પરિવાર સાથે અથવા અન્ય બાળકો સાથે ભીખ માંગતા હોય તો તેમની પાસેથી ૫૦૦ રુપિયા વસૂલતા હતા. અગાઉ બાળકો પાસેથી ભીખ મંગાવનારા સામે ગુનો દાખલ કરાયો હતો. લાંબા સમયની તપાસ બાદ ૨ એજન્ટ પકડવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે.

### સગીરાની માતાએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

# અંબાજીમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મની ઘટનાથી ચકચાર

### ઓળખીતા વ્યક્તિએ બાઈક પર લિફ્ટ આપ્યા બાદ અવાવરુ જગ્યાએ લઈ જઈ ૬ નરાધમોએ કૃત્ય આચર્યું

। (એજન્સી) અંબાજી, તા.૮ ।

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ગુનાખોરીના ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે. સતત ચોરી, લૂંટ, હત્યાના બનાવોની સાથે સાથે બળાત્કારની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં સગીર પર સામૂહિક બળાત્કારની ઘટના સામે આવી છે.

મળતી માહિતી અનુસાર ૧૫ વર્ષીય સગીરા પોતાના મોટા પપ્પાના ઘરે જવા નિકળી હતી. તે દરમિયાન ઓળખીતા વ્યક્તિએ તેને બાઈક પર બેસાડી લીધી હતી. ત્યારબાદ અવાવરુ જગ્યાએ લઈ જઈ ૬ નરાધમોએ સાથે મળીને સામૂહિક બળાત્કારને અંજામ આપ્યો હતો. આ ઘટનાને લઈને સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામમાં કલંકરૂપ ઘટના સામે આવી છે. ઓળખીતો વ્યક્તિ પીડિતાને બાઈક પર લઈ ગયો હતો. ત્યાં ૬ નરાધમોએ રોડની બાજુમાં જ અવાવરુ જગ્યાએ તકનો લાભ લીધો અને સગીરાને પીંખી નાખી હતી. જેના લીધે તે બેભાન થઈ ગઈ હતી. પોલીસને આ ઘટનાની જાણકારી મળતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. માહિતી અનુસાર નરાધમો સગીરાને અર્ધબેભાન અવસ્થામાં મૂકીને ફરાર થઈ ગયા હતા. આ મામલે સગીરાની માતાએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અંબાજી પોલીસે તપાસ શરૂ કરી હાધ ધરી છે અને સગીરાના મેડિકલ ચેકઅપ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદમાં સગીરાની માતાએ આરોપી ઘોડા ટાંકણીનો વ્યક્તિ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. જે સગીરાને બાઈક પર બેસાડીને છાપરી રોડ પર અવાવરૂ જગ્યા લઈ ગયો હતો અને ત્યાં છ નરાધમોએ વારાફતી બળાત્કાર ગુજાર્યો હતો.

### સિવિલમાં બાળકની કરાઈ સફળ સર્જરી

# રાજસ્થાનના બાળકના ફેફસામાં મકાઈનો દાણો ફસાઈ ગયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

માતા-પિતા માટે વધુ એક ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૂળ રાજસ્થાનનો એક પરિવાર તેમના બાળકને લઈને આવ્યો હતો. આ બાળકના ફેફસામાં મકાઈનો દાણો ફસાઈ ગયો હતો. જે પછી બાળકની હાલત ખૂબ જ ગંભીર હતી. જો કે અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ ખૂબ જ મહેનત અને પ્રયાસ કરીને બાળકનો જીવ બચાવી લીધો છે.

અમદાવાદ સિવિલમાં તાત્કાલિક સર્જરી કરીને બાળકને નવજીવન અપાયું છે. મકાઈનો દાણો શ્વાસનળીમાંથી ફેફસામાં ફસાઈ જતા તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી. જે પછી પરિવાર ચિંતામાં આવી ગયો હતો. પરિવાર આ બાળકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈને આવ્યો હતો. બાળકની સ્થિતિ ગંભીર હતી. જો કે બાળકને બચાવવામાં સુપ્રિન્ટેન્ડન્ટ, બાળરોગ સર્જરી વિભાગના વડાની ટીમે સરાહનીય કામગીરી કરી છે.

ઘટના કઈક એવી છે કે રાજસ્થાનના રાજસંમદમાં રહેતા મધ્યમવર્ગીય પરિવારના ૧ વર્ષના બાળક લક્ષ્મણને થોડા દિવસો પહેલા અચાનક ખાંસી ઉધરસ સાથે શ્વાસ લેવામાં તકલીફ જણાઈ આવી હતી. જે પછી તેમણે તરત જ રાજસ્થાનના બ્યાવર અને અજમેરમાં બાળરોગ ડોક્ટર્સનો સંપર્ક કર્યો હતો. જે પછી બાળકનું સિટી સ્કેન કરવામાં આવ્યુ હતુ.

સિટી સ્કેન કર્યા બાદ ૧ વર્ષીય બાળકના ફેંફસામાં મકાઈનો દાણો ફસાયો હોવાનું જાણવા મળ્યુ હતુ. અનેક હોસ્પિટલમાં તપાસ કરાવતા ઓપરેશન માટે વધુ રૂપિયાની માગ કરી હતી. બાળકની હાલત જોતા રાજસ્થાનના ડોક્ટર્સ દ્વારા બાળકને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવા જણાવવામાં આવ્યું હતું.આખરે અમદાવાદ સિવિલમાં બાળકને લવાતા તબીબોએ માનવતા દાખવી તાત્કાલિક ધોરણે સર્જરી કરીને મકાઈનો દાનો બહાર કાઢીને બાળકને નવજીવન આપ્યું.

### ૮૫ સ્થળ પરથી કઢાવી શકાશે કાર્ડ

# વય વંદના યોજના લાગુ કરશે અમદાવાદ મહાનગરપાલિકા

### ૭૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને મળશે લાભ, આવક મર્યાદા વિના, તમામ વૃદ્ધોને મળશે મફત સારવાર

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

કેન્દ્ર સરકારની વય વંદના યોજનાને અમદાવાદ મહાનગરપાલિકાએ અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ શહેરના ૭૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલોમાં મફત સારવાર મળશે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અગાઉની પીએમજે યોજનામાં આવક મર્યાદા હતી, પરંતુ વય વંદના યોજનામાં આવક મર્યાદા નથી. ૭૦ વર્ષથી ઉપરના કોઈપણ વૃદ્ધ નાગરિક આ યોજનાનો લાભ લઈ શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેરના ૮૫ અર્બન હેલ્થ સેન્ટર પર વય વંદના કાર્ડ બનાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નાગરિકો માત્ર આધાર કાર્ડ સાથે આ સેન્ટર પર જઈને કાર્ડ બનાવી શકે છે. આ કાર્ડથી તેઓ ૧૦ લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં કરાવી શકશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા દિવસ પહેલા જ સત્તાવાર રીતે ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે આયુષ્માન ભારત યોજનાની સુવિધાની જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ્ય દેશના દરેક વૃદ્ધ વ્યક્તિને વધુ સારી સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવાનો છે. તેથી, સરકારે વૃદ્ધો માટે આવક અથવા અન્ય કોઈ માપદંડ નક્કી કર્યા નથી અને દરેક વ્યક્તિ આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ યોજના હેઠળ, ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે બનાવેલ આયુષ્માન ભારત કાર્ડને 'આયુષ્માન વય વંદના કાર્ડ' કહેવામાં આવશે. આ કાર્ડના આધારે વરિષ્ઠ નાગરિકોને હોસ્પિટલમાં ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે. (ગુજરાતમાં આ રકમ ૧૦ લાખ રૂપિયા છે) આ કાર્ડ વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય ખર્ચના બોજને ઘટાડવામાં સામાન્ય લોકોને રાહત આપશે.

આ ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે સાર્વત્રિક આરોગ્ય કવરેજ હશે. દેશના લગભગ ૪.૫ કરોડ પરિવારો અથવા ૬ કરોડ વરિષ્ઠ નાગરિકોને આ વિશેષ સુવિધાનો લાભ મળશે. જે પરિવારો પહેલેથી જ આયુષ્માન ભારત યોજનાનો હિસ્સો છે, જો તેમના પરિવારમાં એક વ્યક્તિ પણ ૭૦ વર્ષથી વધુ વયની હોય, તો તેમને પ્રતિ વર્ષ ૧૦ લાખ રૂપિયાના દરે ટોપ-અપ હેલ્થ કવરેજ મળશે.

આ યોજનાનો લાભ લેવા વૃદ્ધો માટે 'આયુષ્માન વય વંદના કાર્ડ' બહાર પાડવામાં આવ્યું છે. જેનો મતલબ છે કે આ યોજનાનો લાભ લેવા માટે આયુષ્માન ભારત કાર્ડ માન્ય નહીં ગણવામાં આવે.

## રાત્રે ઠંડીનો જ્યારે બપોરે લોકો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે, રાજ્યના લોકો હવામાનના બેવડા રૂપનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સમયે આખો દિવસ લોકોને ગરમી પરેશાન કરતી હોય છે, ત્યારે રાત્રે લોકોને ઠંડીનો ચમકારો જોવા મળતો હોય છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિના સમયે તાપમાનમાં ઘટાડો થાય છે અને ઠંડી પડે છે. સાથે જ બપોરના સમયે તાપમાનમાં વધારો થતાં ગરમીનો અહેસાસ થવા લાગે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૫-૭ દિવસ સુધી રાજ્યના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની કોઈ સંભાવના જોવા મળતી નથી. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં ગરમીની તીવ્રતા યથાવત રહેશે. તાજેતરમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે વાતાવરણ શુષ્ક રહે છે. આગામી ૭ દિવસ સુધી હવામાનમાં કોઈ ફેરફાર થવાની સંભાવના નથી. જો કે છેલ્લા બે દિવસની સરખામણીએ અમદાવાદના મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાનમાં નજીવો વધારો નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહી શકે છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૯.૧ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં એવા ઘણા વિસ્તારો છે જ્યાં સૌથી વધુ તાપમાન રહેવાની શક્યતા છે. ડીસામાં મહત્તમ તાપમાન ૩૯.૧ ડિગ્રી, રાજકોટમાં ૩૮.૮, વલ્લભ વિદ્યાનગરમાં ૩૭.૫, સુરેન્દ્રનગરમાં ૩૭.૫, ભુજમાં ૩૭.૩, વેરાવળમાં ૩૭.૨ ડિગ્રીની આસપાસ રહી શકે છે. જ્યારે કંડલા પોર્ટ ૩૬.૬, સુરત ૩૬.૫, અમદાવાદ ૩૬.૪, નલિયા ૩૬.૪, અમરેલી ૩૬, પોરબંદર ૩૬, ભાવનગર ૩૫.૭, મહુવા ૩૫.૬, કેશોદ ૩૫.૬, વડોદરા ૩૫.૨, દ્વારકા ૩૪.૩.૩૫ ડિગ્રી રહેશે. જ્યારે રાજ્યમાં લઘુત્તમ તાપમાન ગાંધીનગરમાં ૧૯.૩ ડિગ્રી, મહુવામાં ૧૯.૬ ડિગ્રી, વડોદરામાં ૨૦.૨ ડિગ્રી, નલિયામાં ૨૦.૪ ડિગ્રી, કેશોદમાં ૨૦.૪ ડિગ્રી, રાજકોટમાં ૨૧.૨ ડિગ્રી, પોરબંદરમાં ૨૧.૬ ડિગ્રી, ડીસામાં ૨૧.૯ ડિગ્રી, અમદાવાદમાં ૨.૨ ડિગ્રી, સુરતમાં ૨.૨ ડિગ્રી. ભાવનગરમાં ૨૨.૯, વલ્લભ વિદ્યાનગરમાં ૨૩.૫, ભુજમાં ૨૩.૬, સુરેન્દ્રનગરમાં ૨૪.૨, વેરાવળમાં ૨૪.૭, દ્વારકામાં ૨૫, કંડલા પોર્ટમાં ૨૫.૫, ઓખામાં ૨૭.૨ની આસપાસ તાપમાન રહેવાની શક્યતા છે.

# ખેડૂતો માટે ગુજરાત સરકારે વિશેષ એડવાઈઝરી કરી જાહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

દિવાળી પછી શરુ થતી રવિ સિઝનમાં રાજ્યભરના ખેડૂતોએ રવિ પાકોના વાવેતરની શરૂઆત કરી છે અથવા વાવેતર શરુ કરવાની તૈયારી કરી રહ્યા છે. પરંતુ ગુજરાતમાં અત્યારે દિવસ દરમિયાન તાપમાન વધુ રહેતું હોવાથી ખેડૂતોએ વાવેતર સમયે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગના પરિણામે વાતાવરણમાં અનેક બદલાવો જોવા મળી રહ્યા છે. રાજ્યના ખેડૂતો અને તેમનો પાક ગ્લોબલ વોર્મિંગ અને બદલાતા વાતાવરણનો ભોગ ન બને તે માટે રાજ્ય સરકારની ખેતી નિયામક કચેરી દ્વારા ખેડૂતો માટે એક વિશેષ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. દિવાળી પછી શરુ થતી રવિ સિઝનમાં રાજ્યભરના ખેડૂતોએ રવિ પાકોના વાવેતરની શરૂઆત કરી છે અથવા વાવેતર શરુ કરવાની તૈયારી કરી રહ્યા છે. પરંતુ ગુજરાતમાં અત્યારે દિવસ દરમિયાન તાપમાન વધુ રહેતું હોવાથી ખેડૂતોએ વાવેતર સમયે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે. ખેડૂતોએ શિયાળુ પાકના વાવેતર માટે ચણા, રાઈ, લસણ, જીરું, ઘઉં, ધાણા, ડુંગળી અને મેથી પાકનો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો બીજવારો અગાઉથી જ મેળવી લેવો જોઈએ, તેમ એડવાઈઝરીમાં જણાવાયું છે. રવિ પાકના બીજને સ્ફુરણ માટે ગરમ તાપમાન અનુકુળ ન હોવાથી દિવસના વધારે તાપમાન અથવા ગરમ તાપમાનના સમયગાળા દરમિયાન રવિ પાકોનું વાવેતર ટાળવું હિતાવહ છે. રવિ પાકોની વાવેતર અવસ્થામાં ઉગાવા પર અસર ના થાય તે માટે વધારે તાપમાનની અસર સામે પાકને સાંજના સમયે વારંવાર હળવું પિયત (શક્ય હોય તો ફુવારાથી) આપવું જોઈએ. આ અગચેતીના પગલાને અનુસરીને ખેડૂતો નુકશાનને નિવારી શકશે, તેમ એડવાઈઝરીમાં વધુમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારની MEGHDOOT મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી રાજ્યભરના ખેડૂતો કૃષિ હવામાન એડવાઈઝરી સેવાઓ અને હવામાન વિભાગની ખેડૂતો માટેની આગાહી સરળતાથી જાણી શકશે.

# દેવગઢ બારીઆ નગરમાં ચોરી કરી તરખાટ મચાવનાર સિકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૮ ।



પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા એક મહિના થી દેવગઢ બારીઆ માં ચોરો દ્વારા અલગ અલગ વિસ્તાર માં બંધ મકાન જોઈ નિશાન બનાવતા હતા જેમાં તારીખ.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ દેવગઢ બારીઆ નગર ના સાંકળી શેરી અને ખોખા બજાર માં બંધ મકાન જોઈ તાળા તોડી લાખો રૂપિયા ની ચોરી કરી હતી જેમાં પોલીસ દ્વારા ચોરી થયેલ સ્થળ ની તપાસ કરી ચોર ને પકડવા ની તપાસ હાથ ધરી હતી જેમાં દેવગઢ બારીઆ ડી સ્ટાફ અને સાથે અન્ય પોલીસ કર્મચારી રાત્રિ દરમ્યાન પેટ્રોલિંગ માં

હતા જેમાં રાણીવાવ ફળિયામાં રહેતો મનમોહન સરદારજી સિકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો હતો ધરપકડ કર્યા બાદ આ મનમોહન સરદારજી ની પૂછપરછ કરતા તેને ખોખા બજાર અને સાંકળી શેરી માં કરેલી ચોરીઓ કરી તેની કબૂલાત કરી હતી તથા આ સાથે જોડે બીજા પણ આરોપીઓ છે તે નાસ્તા ફરતા ફરે છે તેમની પણ ધરપકડ કરવા માટે તપાસ હાથ ધરી છે અને સિકલીગર ગેંગના સાગરીત ને ઝડપવા માટે દેવગઢ બારીઆ ડી.સ્ટાફ. પોલીસ માં ફરજ બજાવતા કે.કે. ભરવાડ. દિનેશભાઈ આહીર. મયુરસિહ ઝાલા. તથા ડામોર અને અન્ય પોલીસ કર્મચારીઓ એ સાથે મળી આ ચોર ને પકડવા માટે મહેનત કરી અને તે મહેનત માં સફળતા મળી.

## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં FICCIની નેશનલ એક્ઝીક્યુટીવ મિટ યોજાઇ

# "નેશન ફર્સ્ટ"ના ભાવથી વિકાસના કેવા ઊંચા લક્ષ્યો અને પરિણામો સિદ્ધ કરી શકાય તેનું ઉદાહરણ વડાપ્રધાન નરેન્દ્રભાઈએ દેશ અને દુનિયાને પૂરું પાડ્યું છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "નેશન ફર્સ્ટ"ના ભાવથી વિકાસના કેવા ઊંચા લક્ષ્યો અને પરિણામો સિદ્ધ કરી શકાય તેનું ઉદાહરણ દેશ અને દુનિયાને પૂરું પાડ્યું છે. મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં આયોજિત FICCIની નેશનલ એક્ઝીક્યુટીવ મિટના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ પાછલા દશકમાં જે ઈનીશિએટીવઝ લીધા તેના પરિણામે ભારત આત્મનિર્ભરતાથી વિકાસ રાહે દોડતું થયું છે. એટલું જ નહીં, તાજેતરમાં IMFના અહેવાલમાં પણ એવા નિર્દેશ આપવામાં આવ્યા છે કે ભારતનો વિકાસ દર ૭ ટકા જેટલો એટલે કે વિશ્વના વિકસિત દેશો કરતા પણ વધુ રહેવાનો છે.



મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિઝનરી સોચ અને આયોજનબદ્ધ વિકાસની નેમ હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ગુજરાતે દેશના ગ્રોથ એન્જિન તરીકે પુરવાર કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૦૧માં જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારે રાજ્ય સામે ભૂકંપની આફત સહિત અનેક પડકારો હતા. પડકારોને તકમાં પલટાવી વિકાસ માટે નિરંતર આગળ વધવાનો આગવો મિજાજ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પ્રજાકીય સહયોગથી પુરુષાર્થ કરીને આજે દેશમાં વિકાસના રોલ મોડેલનું ગૌરવ મેળવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગેની પ્રભાવક પ્રસ્તુતિ કરતા કહ્યું કે, ગુજરાતે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં રોડ-રસ્તાનું નેટવર્ક હોરીઝોન્ટલ અને વર્ટિકલ બેય રીતે વિકસાવ્યું અને છેક છેવાડાના ગામો સુધી કનેક્ટિવિટી પૂરી પાડી છે.

૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો દેશના સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર બનાવ્યો તથા ગુજરાતને ટ્રેડ-કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ મેપ પર ચમકાવવાની સફળતા ૨૦૦૩થી વાઈબ્રન્ટ સમિટ શરૂ કરીને મેળવી તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, ગુજરાત પોલિસી ડ્રીવન સ્ટેટ બનવા સાથોસાથ FDI મેળવવામાં અગ્રેસર અને મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન પણ તેમના જ આગવા વિઝનથી બન્યું છે. ગુજરાતમાં ફોર્ચ્યુન ફાઈવ હન્ડ્રેડમાંથી ૧૦૦ કંપનીઝ કાર્યરત છે તેમજ રાજ્યમાં GSDP ૨૦૦૧-૦૨માં ૧.૨૩ લાખ કરોડથી ૨૦૨૨-૨૩માં વધીને ૨૨.૩ લાખ કરોડ થયો છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્યમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૨૦૦૧માં ૪૪,૮૮૬ કરોડથી વધીને ૨૦૨૨-૨૩માં ૬.૭૦ લાખ કરોડ તથા વીજ ઉત્પાદન ક્ષમતા ૮,૭૫૦ મેગાવોટથી વધીને ૨૦૨૩-૨૪માં ૫૨,૯૪૫ મેગાવોટ થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ FICCI ગુજરાતની ગ્રોથ સ્ટોરીનું પ્રત્યક્ષ સાક્ષી રહ્યું છે તથા વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થતું રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે, અર્થવ્યવસ્થાપન માટે કેટાલિસ્ટ તરીકે કામ કરતું આ સંગઠન વિકસિત ભારત @ 2047 માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં સહયોગી બનશે તેવો તેમને વિશ્વાસ છે. તેમણે ભવિષ્યના ઉભરતા સેક્ટર્સને પણ ગુજરાત વડાપ્રધાનશ્રીના વિઝન અનુરૂપ પ્રોત્સાહન આપે છે તેની છણાવટ કરી હતી. રાજ્યમાં આગામી દિવસમાં નવા સેમીકંડકટર પ્લાન્ટ શરૂ થવાના છે આ ઉપરાંત કચ્છમાં સૌથી મોટો સોલાર એન્ડ વિન્ડ હાઈબ્રીડ એનર્જી પાર્ક નિર્માણાધીન છે અને ગુજરાત રીન્યુએબલ એનર્જી હબ છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા FICCIના પદાધિકારીઓ સમક્ષ આપી હતી. તેમણે સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. FICCIના પ્રેસિડેન્ટ શ્રી અનિશ શાહે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત આજે મોડલ સ્ટેટ બન્યું છે. દેશની જીડીપી, કુલ નિકાસ અને કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનું નોંધપાત્ર યોગદાન છે. આજે ગુજરાત ઈન્ડસ્ટ્રીને આવકારતું રાજ્ય બન્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વિકસિત ભારત બનાવવાના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ઉદ્યોગો મહત્વનો ભાગ ભજવશે. રાજ્યમાં ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી પોલિસીઝના કારણે ઉદ્યોગો દિન પ્રતિદિન વિકસી રહ્યા છે. FICCI પણ મેક ઈન ઈન્ડિયા, વુમન લેડ ડેવલપમેન્ટ અને સસ્ટનેબિલિટી માટે હંમેશા કામગીરી કરી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત બરફ ઉપર ચાલ્યા ઊંટ

। (એજન્સી) રિયાદ, તા.૮ ।

સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત હિમવર્ષા થઈ છે. સામાન્ય રીતે તેલના ભંડાર અને રણ માટે પ્રખ્યાત સાઉદી અરેબિયામાં એટલી બધી હિમવર્ષા થઈ છે કે આખું રણ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કડકડતી ઠંડી પડી રહી છે. સાઉદી અરેબિયાના અલ-જૌફ ક્ષેત્રમાં ભારે વરસાદ અને કરાના કારણે અચાનક હિમવર્ષા થઈ હતી, આ વિસ્તારમાં પ્રથમ વખત હિમવર્ષા જોવા મળી છે. ગયા બુધવારથી શરૂ થયેલા વરસાદ પછી અહિં વર્ષા શરૂ થઈ હતી, અને રણ પર બરફની ચાદર પથરાઈ ગઈ હતી. મળતી માહિતી અનુસાર અલ-જૌફ ક્ષેત્રમાં આટલી હિમવર્ષા ઈતિહાસમાં પહેલા ક્યારેય થઈ નથી. પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર, આ અસામાન્ય હવામાન ઘટનાએ માત્ર ત્યાંનું દ્રશ્ય જ બદલ્યું નથી, પરંતુ નદીઓ અને ધોધને પણ નવું જીવન આપ્યું છે, જેના કારણે ખીણો ભરાઈ ગઈ છે અને નદીઓ ફરીથી વહેવા લાગી છે. તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી- જ્યારે આ ઘટનાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર આવવા લાગ્યા તો દરેકે ક્લાઈમેટ ચેન્જ વિશે વાત કરવાનું શરૂ કર્યું.

### ફેમસ ટીવી એક્ટરનું ૩૫ વર્ષની વયે અચાનક મોત

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

નાના પડદાના પ્રખ્યાત ટીવી એક્ટર નીતિન ચૌહાણનું અચાનક નિધન થયું છે. નીતિનના નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ જોવા મળ્યો. નીતિને માત્ર ૩૫ વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કહી દીધું છે. નીતિન 'સ્પ્લિટ્સવિલા ૫' અને 'ક્રાઈમ પેટ્રોલ'માં પણ જોવા મળ્યો હતો. વિભૂતિ ઠાકુરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ દ્વારા નીતિન ચૌહાણના નિધનની માહિતી આપી છે. આ પોસ્ટમાં અભિનેત્રીએ નીતિન સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો છે. પોસ્ટ શેર કરતી વખતે તેણે તેના કેપ્શનમાં લખ્યું છે કે રેસ્ટ ઈન પીસ માય ડિયરપ સાંભળીને ખૂબ જ આશ્ચર્ય અને દુઃખ થયું. આ પોસ્ટ વાંચીને જ અન્ય સ્ટાર્સ પણ ચોંકી ગયા હતા. વિભૂતિ ઠાકુરે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે ભગવાન તમારી આત્માને શાંતિ આપે. તમને જણાવી દઈએ કે નીતિન ચૌહાણે રિયાલિટી શો 'દાદાગીરી ૨' જીતીને લોકોના દિલમાં પોતાનું એક ખાસ સ્થાન બનાવ્યું હતું. નીતિન ચૌહાણ યુપીના અલીગઢ જિલ્લાનો રહેવાસી હતો. તેણે સ્ફ્રની 'Splitsvilla સિઝન ૫' પણ જીતી હતી. આ સિવાય નીતિન ક્રાઈમ પેટ્રોલ અને ફ્રેન્ડ્સ જેવી સિરિયલોમાં પણ જોવા મળ્યો હતો. નીતિન ચૌહાણને ક્રાઈમ પેટ્રોલ તરફથી ખાસ ઓળખ મળી હતી. આ સિવાય નીતિન 'ઝિંદગી. કોમ'માં પણ જોવા મળ્યો હતો.

### CIDએ શરૂ કરી તપાસ, ૫ પોલીસકર્મીને નોટિસ

। (એજન્સી) શિમલા, તા.૮ ।

ભારતમાં સમોસાનો ક્રેઝ અલગ સ્તરે છે. હોટલથી લઈને રસ્તાના કિનારે લોકો સમોસા ખાતા જોવા મળશે. પરંતુ શું તમે વિચાર્યું છે કે સમોસા સમગ્ર પોલીસ પ્રશાસનની ઊંઘ હરામ કરી શકે છે? કોંગ્રેસ શાસિત રાજ્ય હિમાચલ પ્રદેશમાં પણ કંઈક આવું જ બન્યું છે. આ દિવસોમાં હિમાચલની રાજનીતિમાં સમોસા પ્રચલિત છે. સમોસાના કારણે પાંચ પોલીસકર્મીઓને કારણ બતાવો નોટિસ ફટકારવામાં આવી છે. એટલું જ નહીં તેની સામે કડક શિસ્તભંગના પગલાંની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય CID તેની તપાસ કરી રહી છે. હકીકતમાં ૨૧ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ સાયબર વિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરવા CID હેડક્વાર્ટર ગયા હતા. અહીં મુખ્યમંત્રી માટે લાવવામાં આવેલી કેક અને સમોસા તેમના સ્ટાફમાં વહેંચવામાં આવ્યા હતા. સીઆઈડીએ તેની તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે માત્ર એસઆઈને જ ખબર હતી કે આ બોક્સ ખાસ કરીને સીએમ સુખુ માટે છે. તપાસમાં જાણવા મળ્યું કે જ્યારે આ ડબ્બા મહિલા ઈન્સપેક્ટરને સોંપવામાં આવ્યા હતા, ત્યારે તેમણે કોઈ વરિષ્ઠ અધિકારીને પૂછ્યા વિના આ ડબ્બા મિકેનિકલ ટ્રાન્સપોર્ટ (MT) વિભાગને મોકલી દીધા હતા. આ ભૂલને કારણે, આ બૉક્સ સીએમ સુધી પહોંચી શક્યા ન હતા.




મહારાષ્ટ્રના નાસિકમાં વિધાનસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક જાહેર સભામાં હાજર રહ્યા હતા.

### બીસીસીઆઈ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી

# ચેમ્પિયન્સ ટ્રોફી રમવા ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાનમાં નહીં જાય

### ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન આવતા વર્ષની શરૂઆતમાં થવાનું છે, જેની યજમાનીનો અધિકાર પાકિસ્તાન પાસે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૮ ।

ભારતીય કંટ્રોલ ક્રિકેટ બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને મોટું અપડેટ આપ્યું છે. BCCI સ્પષ્ટ કર્યું છે કે, ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં રમવા માંટે પાકિસ્તાન નહીં જાય. તેમનું કહેવું છે કે, ટીમ તેની મેચ ન્યૂટ્રલ વેન્યુ પર રમશે. મહત્ત્વપૂર્ણ છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન આવતા વર્ષની શરૂઆતમાં થવાનું છે અને ટૂર્નામેન્ટની યજમાનીનો અધિકાર પાકિસ્તાન પાસે છે. એવા અહેવાલો પણ બહાર આવી રહ્યા છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં યોજવા માટે સંમતિ દર્શાવી છે. અહેવાલો અનુસાર, ટીમ ઈન્ડિયા તેની તમામ ચેમ્પિયન્સ ટ્રોફી મેચ UAEમાં રમી શકે



છે. અગાઉ એશિયા કપનું પણ હાઈબ્રિડ મોડલમાં આયોજન કરવામાં આવ્યું હતુ. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભાગ લેવા માટે પાકિસ્તાન નહીં જાય. અહેવાલ મુજબ, BCCIએ PCBને સ્પષ્ટ શબ્દોમાં આ વાત કહી છે. આ જ કારણ છે કે હવે ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં યોજવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ભારતની તમામ મેચ UAEમાં યોજવા માટે સંમત થઈ ગયું છે. મહત્ત્વપૂર્ણ છે કે, BCCI સેક્રેટરી જય શાહે પહેલા જ સ્પષ્ટ કરી દીધું હતું કે, ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન જવા અંગેનો અંતિમ નિર્ણય ભારત સરકાર લેશે. બંને દેશો વચ્ચે લાંબા સમયથી રાજકીય સંબંધો ખૂબ જ ખરાબ છે અને આ જ કારણ છે કે સરકાર ભારતીય ટીમ રોહિત એન્ડ કંપનીને પાકિસ્તાન મોકલવા તૈયાર નથી. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર થવા જઈ રહ્યું છે. અહેવાલ મુજબ, ટૂર્નામેન્ટના શેડ્યૂલની જાહેરાત ૧૧ નવેમ્બરે થઈ શકે છે. અહેવાલનું માનીએ તો ભારતીય ટીમને પાકિસ્તાનની સાથે ગ્રુપ Aમાં રાખવામાં આવી શકે છે.

# સુપ્રીમ કોર્ટે DRI અધિકારીઓની શો કોઝ નોટિસની સત્તા બહાલ કરી

### કોર્ટે જણાવ્યું હતું કે કેનન ઇન્ડિયામાં ચુકાદો પરિપત્ર અને નોટિફિકેશન જોયા વિના આપવામાં આવ્યો હતો, તેથી તેની ગંભીરતાથી અસર કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દેશભરમાં કસ્ટમની સત્તાને મોટી અસર કરતાં એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ના અધિકારીઓને કસ્ટમ વિભાગ દ્વારા આયાત માટે પહેલેથી જ મંજૂર કરવામાં આવેલા માલ પર ડ્યૂટીની વસૂલાત કરવાની સત્તા છે. કસ્ટમ વિભાગની સમીક્ષા અરજીને મંજૂરી આપી સુપ્રીમ કોર્ટે તેના જ ૨૦૨૧ના ચુકાદાને ઉલટાવી દીધો હતો. ૨૦૨૧ના ચુકાદામાં કેનન ઈન્ડિયાના કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે DRI અધિકારીઓ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની કલમ ૨૮ હેઠળ નોટિસ જારી કરી શકે નહીં. ખંડપીઠ માટે ૧૬૨ પાનાનો ચુકાદો લખતા જસ્ટિસ પારડીવાલાએ DRI અધિકારીઓની શો-કોઝ નોટિસ જારી કરવાની અને ડ્યૂટીની વસૂલવાની સત્તાને કાયદેસર ગણાવી હતી અને જણાવ્યું હતું કે આ ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનોને આધીન ડીઆરઆઈ કસ્ટમ્સ કમિશનરેટ્સ



(પ્રિવેન્ટિવ), ડિરેક્ટોરેટ જનરલ ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ ઈન્ટેલિજન્સ અને કમિશનરેટ ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ અને અન્ય સમાન દરજ્જાના અધિકારીઓ કલમ ૨૮ના હેતુઓ માટેના યોગ્ય અધિકારીઓ છે અને શો-કોઝ નોટિસ જારીની સત્તા ધરાવે છે. આ ચુકાદો કસ્ટમ વિભાગ માટે મોટી રાહત આપનારો છે, કારણ કે કસ્ટમ વિભાગ ડ્યૂટી વસૂલાત સંબંધિત ઘણા કેસો લડી રહ્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે કેનન ઈન્ડિયામાં ચુકાદો પરિપત્ર અને નોટિફિકેશન જોયા વિના આપવામાં આવ્યો હતો, તેથી તેની ગંભીરતાથી અસર કરે છે. કેનન ઈન્ડિયાનો નિર્ણય વૈધાનિક યોજનાને જોવામાં નિષ્ફળ રહ્યો હતો.




નવી દિલ્હીમાં "મેડિકલ ઉપકરણ ઉદ્યોગને મજબૂત" યોજનાના લોન્ચિંગ સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા એક બેઠકની અધ્યક્ષતા કરી હતી.

# ટોપ લેવલ સિનેમાના લક્ષ્ય સાથે એક જ બેનર હેઠળ મચાવશે ધૂમ

। (એજન્સી) મુંબઈ, તા. ૮ ।

સાઉથનો સુપરસ્ટાર પ્રભાસ આ દિવસોમાં ક્વોલિટી સિનેમા પર ઘણું ફોકસ કરી રહ્યો છે. તાજેતરમાં પ્રભાસે સારી સ્ક્રિપ્ટ્સ માટે એક પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે અને હવે પ્રભાસે હોમ્બલે ફિલ્મ્સ સાથે ૩ ફિલ્મો માટે કરાર સાઈન કર્યો છે. હોમ્બલે ફિલ્મ્સે આ માહિતી આપી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, આ મોટા કરારમાં સાલાર પાર્ટ ૨ સાથે વધુ બે ફિલ્મોનો સમાવેશ થાય છે જે એક પછી એક રિલીઝ થશે. કોઈપણ અભિનેતા અને પ્રોડક્શન કંપની વચ્ચે આ અત્યાર સુધીની સૌથી મોટી ડીલ માનવામાં આવે છે, જે પ્રભાસ અને હોમ્બલે ફિલ્મ્સ બંને માટે નવી અને મોટી તકો લાવશે. હોમ્બલે ફિલ્મ્સ હાઈ ક્વોલિટીવાળા પ્રોજેક્ટ્સની મજબૂત લાઈનઅપ બનાવી રહી છે, જે ભારતીય પ્રેક્ષકો સુધી ટોચના સ્તરના સિનેમાને લાવવાના તેમના કમિટમેંટને પ્રતિબિંબિત કરે છે. નાની શરૂઆત કરીને, હોમ્બલે એક પ્રોડક્શન હાઉસ બની ગયું છે જે તેની સફળ અને સાંસ્કૃતિક રીતે અર્થપૂર્ણ ફિલ્મો માટે જાણીતું છે. KGF ચેપ્ટર ૧, KGF ચેપ્ટર ૨, કંતારા અને સલાર ૧ જેવી વિશ્વવ્યાપી હિટ ફિલ્મો પછી, તેમની પાસે હવે એક આકર્ષક લાઈનઅપ છે.

### રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનનું નિવેદન

# ભારત વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ થવા હક્કદાર : રશિયાના પ્રમુખ

। (એજન્સી) મોસ્કો, તા. ૮ ।

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના વખાણ કર્યા બાદ હવે ભારતને વૈશ્વિક મહાસત્તાની યાદીમાં સામેલ કરવા લાયક જાહેર કર્યું છે. પુતિનના આ નિવેદને વિશ્વ પર પ્રભુત્વ અને પ્રભાવ પાડવાના ઈરાદા ધરાવતા દેશોને ચોંકાવી દીધા છે. પુતિને કહ્યું છે કે ભારત વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ થવાને સંપૂર્ણપણે લાયક છે, કારણ કે તેની અર્થવ્યવસ્થા હાલમાં અન્ય કોઈ પણ દેશની તુલનામાં ઝડપથી વધી રહી છે. ગુરુવારે સોચીમાં 'વલ્ડાઈ ડિસ્કશન ક્લબ'ના પૂર્ણ સત્રને સંબોધિત કરતી વખતે, પુતિને એમ પણ કહ્યું હતું કે રશિયા ભારત સાથે તમામ દિશામાં સંબંધો વિકસાવી રહ્યું છે અને બંને દેશો દ્વિપક્ષીય સંબંધોમાં એકબીજા પર ઊંડો વિશ્વાસ ધરાવે છે. રશિયન પ્રમુખે કહ્યું, "ભારતને તેની દોઢ અબજની વસ્તી, વિશ્વની તમામ અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વૃદ્ધિ, પ્રાચીન સંસ્કૃતિ અને ભવિષ્યના



વિકાસની ખૂબ સારી સંભાવનાઓને કારણે નિઃશંકપણે મહાસત્તાઓની યાદીમાં સામેલ થવું જોઈએ. ભારતને એક મહાન દેશ ગણાવતા તેમણે કહ્યું, "અમે ભારત સાથે તમામ દિશામાં સંબંધો વિકસાવી રહ્યા છીએ. ભારત એક મહાન દેશ છે, હવે ૧.૫ અબજની વસ્તી સાથે વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટો દેશ છે અને તે પણ જ્યાં દર વર્ષે વસ્તીમાં એક કરોડનો વધારો થાય છે. પ્રમુખ પુતિને કહ્યું કે ભારત આર્થિક પ્રગતિના મામલે વિશ્વમાં અગ્રેસર છે. રશિયન સમાચાર એજન્સી તાસે પુતિનને ટાંકીને જણાવ્યું હતું કે, "અમારા સંબંધો ક્યાં અને કઈ ગતિએ વિકસિત થશે તે અંગેનું અમારું વિઝન આજની વાસ્તવિકતાઓ પર આધારિત છે." અમારો સહયોગ દર વર્ષે અનેકગણો વધી રહ્યો છે. પુતિને કહ્યું કે ભારત અને રશિયા વચ્ચે સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સંપર્કો વધી રહ્યા છે. તેમણે કહ્યું, "જુઓ કેટલા પ્રકારના રશિયન લશ્કરી સાધનો ભારતીય સશસ્ત્ર દળોની સેવામાં છે. આ સંબંધમાં ઘણો વિશ્વાસ છે. અમે ફક્ત ભારતને અમારા શસ્ત્રો વેચતા નથી; અમે તેમને સંયુક્ત રીતે ડિઝાઈન પણ કરીએ છીએ." પુતિને ઉદાહરણ તરીકે બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો. "ભારતના સુરક્ષા લાભ માટે સંચાલિત આ પ્રોજેક્ટ્સ ચાલુ છે." રશિયન પ્રમુખે કહ્યું, "ભારત-રશિયા સંબંધો વ્યાપકપણે જાણીતા છે અને તેમાં કોઈને કોઈ સમસ્યા નથી, પરંતુ આ પ્રોજેક્ટ્સ પરસ્પર વિશ્વાસ અને સહકારનું ઉચ્ચ સ્તર દર્શાવે છે. તેથી અમે નજીકના ભવિષ્યમાં પણ આ કરવાનું ચાલુ રાખીશું અને મને આશા છે કે અમે દૂરના ભવિષ્યમાં પણ આમ કરવાનું ચાલુ રાખીશું." પુતિને ભારત અને ચીનની સરહદ પર કેટલીક મુશ્કેલીઓનો સ્વીકાર કર્યો.

### ડિરેક્ટરના સેક્સ સ્કેન્ડલથી દેશભરમાં હડકંપ

# મધ્ય આળિકાના ઈક્વેટોરિયલ ગિનીમાં એક અધિકારીના ૪૦૦ સેક્સ વીડિયો વાયરલ

। (એજન્સી) મલાબો, તા.૮ ।

મધ્ય આફ્રિકાના દેશ ઈક્વેટોરિયલ ગિનીમાંથી એક હેરાન કરનાર સમાચાર સામે આવ્યા છે. અહીંયાના એક ઉચ્ચ અધિકારીના લગભગ ૪૦૦ સેક્સ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા છે. આ વીડિયોમાં અધિકારી જુદી-જુદી મહિલાઓ સાથે શારીરિક સંબંધો બનાવતો જોવા મળી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા પછી સમગ્ર દેશમાં હડકંપ મચી ગયો છે. આ વ્યભિચારી અધિકારી નેશનલ ફાઈનાશિયલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(એએનઆઈએફ)ના ડિરેક્ટર છે, અને તેનુ નામ એબાંગ એંગોંગા છે. તેને જુદી-જુદી મહિલાઓની સાથે વીડિયો ક્લિપ્સમાં જોઈ શકાય છે. સૌથી હેરાન કરનારી બાબત એ છે કે એબાંગ એંગોંગાએ જે મહિલાઓ સાથે શારીરિક સંબંધો બનાવ્યા છે, એમાં રાષ્ટ્રપતિની બહેન અને પિતરાઈ, ૨૦થી વધુ મંત્રીઓની પત્ની અને સંબંધીઓ સામેલ છે. કથિત રીતે એબાંગ એંગોંગાએ પોતાના ભાઈની પત્ની અને પોલીસ ડાયરેક્ટર જનરલની પત્નીને પણ છોડી નથી. આ ઉપરાંત, કેટલાક ટોપ અધિકારીઓની પત્નીઓ અને સંબંધી મહિલા સાથે પણ યૌન સંબંધ બનાવતો જોવા મળી રહ્યો છે. મોટાભાગના વીડિયો નાણા મંત્રાલયની ઓફિસમાં રેકોર્ડ કરવામાં આવ્યા છે, જ્યાં એંગોંગાની ઓફિસ હતી. એબાંગ એંગોંગા ખુદ પણ વિવાહિત છે. સેક્સ સ્કેન્ડલના ૪૦૦ જેટલા વીડિયો સામે આવ્યા પછી, ત્યાંની સરકાર હચમચી ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ ટેઓડોરો ન્ગુએમા ઓબિયાંગ મંગુએએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જાહેરાત કરી છે કે સરકારે મંત્રાલયોની અંતર્ગત આવતી વિવિધ ઓફિસોમાં યૌન સંબંધ બનાવનાર તમામ અધિકારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. જોકે, આ પહેલીવાર નથી, જ્યારે ત્યાંના સનદી અધિકારીઓ સાથે જોડાયેલા સેક્સ ટેપ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ છે. પરંતુ આ વખતના મામલામાં સામેલ અધિકારીઓ અને સરકારી તંત્રમાં ઉચ્ચ પદ પરના અધિકારીઓ અને નેતાઓની બદનામી થઈ છે, જેના કારણે મામલો ખૂબ ગંભીર અને સંવેદનશીલ બની ગયો છે. આરોપ છે કે વ્યભિચારી અધિકારી એબાંગ એંગોંગાએ પોતાની ઓફિસમાં જ ૪૦૦થી વધુ વીડિયો રિકોર્ડ કર્યા છે. એબાંગ એંગોંગા - સેન્ટ્રલ આળીકન ઈકોનોમિક એન્ડ મોનિટરી કમ્યુનિટી કમિશનના ચેરમેન બાલ્ટાસાર એંગોંગા એડ્જોનો પુત્ર છે.

## તંત્રી લેખ...

# વર્ષ ૨૦૫૦ સુધીમાં આખી દુનિયામાં વધશે હિન્દુઓની વસ્તી

આખી દુનિયામાં વધતી વસ્તી ચિંતાનો વિષય બનેલો છે. આ વિશ્વની કુલ જનસંખ્યા લગભગ ૮.૨ બિલિયન છે, જે દર વર્ષે ૦.૮૭ ટકાના દરથી વધી રહી છે. ૨૦૨૩માં વસ્તી વધારો દર ૦.૮૮ ટકા અને ૨૦૨૦માં ૦.૯૭ ટકા હતી. દુનિયાની વસ્તીમાં દર વર્ષે લગભગ ૭૧ મિલિયન લોકોનો વધારો થઈ રહ્યો છે. એક ડેટાની વાત માનીએ તો, આખી દુનિયામાં હિન્દુઓની સંખ્યા ૧.૨ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૧૫ ટકા ભાગ છે. તો વળી મુસલમાનની વસ્તી ૧.૯ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૨૪ ટકા ભાગ છે. જનસંખ્યા વિશે રિસર્ચ કરનારી એક સંસ્થા છે. પ્યૂ રિસર્ચ. તેના જણાવ્યા અનુસાર, આખા વિશ્વમાં હિન્દુની વસ્તી સતત વધી રહી છે. ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી દુનિયામાં ત્રીજા નંબર પર પહોંચી જશે. તો વળી મુસલમાનની વસ્તીના મામલામાં દુનિયામાં બીજા નંબર પર આવી જશે. એવું અનુમાન છે કે, ૨૦૫૦ સુધી મુસલમાનોની વસ્તી ભારતમાં ઝડપથી વધશે. દુનિયાના સૌથી વધારે મુસલમાનની વસ્તીવાળા દેશોમાં ઈન્ડોનેશિયાને પછાડી ભારત દુનિયાનો નંબર વન મુસ્લિમ વસ્તીવાળો દેશ બની જશે. પ્યૂ રિસર્ચ સેન્ટરના ''''ધ ફ્યુચર ઓફ વર્લ્ડ રિલિજન્સ''''ના અધ્યયનમાં જણાવ્યું છે કે, દુનિયામાં ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી ૩૪ ટકા વધીને ૧.૪ અબજ થઈ જશે. મુસલમાનોની વસ્તીમાં મોટા વધારા બાદ ૭૭ ટકાની વસ્તીની સાથે હિન્દુ બહુસંખ્યક રહેશે. ૨૦૫૦ સુધી ભારતમાં મુસલમાનોની સંખ્યા ૩૧ કરોડ થઈ જશે. જે ભારતની કુલ વસ્તીનો ૧૮ ટકા ભાગ હશે. જોકે આ રિસર્ચમાં અમુક દેશોમાં હિન્દુઓની વસ્તીમાં ખતરનાક રીતે ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. તેમાં મુખ્ય દેશ પાકિસ્તાનની સાથે સાથે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન કહેવાયું છે. આ દેશોમાં હિન્દુ અલ્પસંખ્યક છે. આવનારા ૨૫ વર્ષોમાં ત્યાં હિન્દુઓ ગણ્યાગાંઠ્યા જ હશે. પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તી ૨૦૧૭માં ૩.૫ મિલિયનથી વધીને ૨૦૨૩માં ૩.૮ મિલિયન થઈ, પણ કુલ વસ્તીમાં તેમની ભાગીદારી ૧.૭૩ ટકાથી ઘટીને ૧.૬૧ ટકા થઈ ગઈ. તેનાથી જાણવા મળે છે કે, આવનારા સમયમાં પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તીમાં ઝડપથી ઘટાડો આવશે. બાંગ્લાદેશમાં બીજો સૌથી મોટો ધર્મ હિન્દુ છે. પણ દેશમાં હાલ હિન્દુઓ વિરુદ્ધ સતત હુમલા થતા રહે છે. ૨૦૨૨ની વસ્તી ગણતરી અનુસાર, હિન્દુઓની સંખ્યા ૧૩ કરોડ છે, જે કુલ વસ્તીનો ૭.૯૫ ટકા ભાગ છે. પણ ૨૦૫૦ સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની વસ્તી ઘટી જશે. તો વળી અફઘાનિસ્તાનમાં પણ સંખ્યા સતત ઘટતી રહી છે.

## આયુષ્યમાન કાર્ડ અંતરિયાળ વિસ્તારના બીમાર બાળકો માટે નવજીવન પ્રદાન કરનાર

સલોની પટેલ કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ(આરબીએસકે)ની ટીમ કપરાડાના અંતરિયાળ વિસ્તારના ગરીબ પરિવારો માટે આશાનું નવું કિરણ છે. RBSK ટીમના ડોક્ટરો ગરીબ પરિવારોના બાળકોમાં થતી સામાન્ય બીમારી હોય કે પછી ગંભીર બીમારીઓ એ તમામની જાણકારી આપી અનેક પરિવારોના બાળકોનું જીવન બચાવી રહ્યા છે. કપરાડાના વિરક્ષેત્ર ગામના ખોરીપાડા ફળિયાના ખેતમજૂરી કરતા ગરીબ આદિવાસી પરિવારની ૨ વર્ષની બાળકી મીનાક્ષી ડોકફોડેને હૃદયમાં બે કાણાં હોવાથી એના જીવનની આશા ધૂંધળી બની હતી પરંતુ આવા સમયે કેન્દ્ર સરકારના આયુષ્યમાન કાર્ડ હેઠળ બાળકીનું સુરતની કિરણ હોસ્પિટલમાં વિનામુલ્યે ઓપરેશન થતા માસૂમને નવું જીવન મળ્યું છે. સામાન્ય મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા ખોરીપાડા ફળિયાના ડોકફોડે પરિવાર ઉપર આફતનો પહાડ તૂટી પડ્યો જ્યારે એમને ખબર પડી કે એમની દીકરી મીનાક્ષીના હૃદયમાં બે કાણાં છે અને ઓપરેશન જ એનો જીવ બચાવી શકે એમ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તા.૩૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ જન્મ બાદ આરબીએસકેની ટીમને બાળક જન્મ વિશે નોંધણી માટે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આરબીએસકે ટીમના મેડિકલ ઓફિસર ડૉ. કિજલ પટેલ અને ડો. ડિમ્પી પટેલ દ્વારા આ બાળકીની હોમ વિઝિટ કરવામાં આવી હતી. પ્રાઈમરી મેડિકલ તપાસ દરમિયાન માલુમ પડ્યું કે બાળકીનો પ્રી-ટર્મ જન્મ થયો છે અને તેનું વજન પણ માત્ર ૧.૭ કિલોગ્રામ હતું. જેથી ટીમ દ્વારા બાળકીને વધુ તપાસ માટે ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જ્યાં બાળકીનું ઈકો કાર્ડિયોગ્રામ (ECG) (2D-ECO) કરતા માલુમ પડ્યું કે બાળકીને ભાગ્યે જ બાળકોમાં જોવા મળતી કોન્જીનેન્ટલ હાર્ટ ડિસિઝ (CHD) એટલે કે હૃદયમાં કાણાંની બીમારી છે. RBSKની ટીમ દ્વારા બાળકીના પરિવારને કેન્દ્ર સરકારની આયુષ્યમાન આરોગ્ય કાર્ડ વિશે માહિતગાર કરી સમજણ આપવામાં આવી હતી. આ યોજના હેઠળ સારવાર કરાવવા માટે અક્ષમ ગરીબ પરિવારે સારવારનો કોઈ જ ખર્ચ ઉઠવવો પડતો નથી અને સારામાં સારી હોસ્પિટલમાં સારવાર અને ઓપરેશન થઈ શકે છે. આશરે દોઢ વર્ષ સુધીની ભારે સમજાવટ બાદ બાળકીનો પરિવાર વધુ સારવાર અને ઓપરેશન કરાવવા માટે તૈયાર થયો હતો. ઓપરેશન માટે બાળકીને સુરતની કિરણ હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી. જ્યાં તા.૦૪ જૂન, ૨૦૨૪ના રોજ કિરણ હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ આયુષ્યમાન કાર્ડ હેઠળ વિનામુલ્યે બાળકીના હૃદયનું વીએસડી ક્લોઝર અને પીડીએ લાઈજેશનની સર્જરી કરી સફળતા પૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું. બાળકીની માતા મનીષા ડોકફોડેએ જણાવ્યું હતું કે, RBSKની ટીમે ઘરે મિનાક્ષીને તપાસ કરી ધરમપુરની રાજચંદ્ર હોસ્પિટલમાં લઈ જવા કહ્યું હતું. ત્યાંથી તપાસમાં ખબર પડી કે, મારી છોકરી બીમાર છે ઓપરેશન કરાવવું પડશે. RBSKના ડોક્ટરોએ આયુષ્યમાન કાર્ડથી ઓપરેશનની માહિતી આપી હતી તેથી અમે સુરત કિરણ હોસ્પિટલમાં ગયા હતાં જ્યાં એકપણ રૂપિયાના ખર્ચ કર્યા વિના મિનાક્ષીનું સારી રીતે ઓપરેશન થઈ ગયું હતું તેમજ દવા કે બીજી વિઝિટ્નો પણ કોઈ ખર્ચ કરવો પડ્યો નથી. થોડા સમય પહેલા ઓપરેશન કરાયું હતું હવે મારી દીકરી એકદમ સ્વસ્થ છે તેથી આ યોજના માટે હું સરકારનો ખૂબ જ આભાર માનું છું. RBSKના મેડિકલ ઓફિસર ડૉ. કિંજલ પટેલે જણાવ્યું હતું કે, કપરાડા તાલુકાના અંતરિયાળ ગામોના અમુક બાળકોમાં આયર્નની ઉણપને કારણે કોઈક વાર કોન્જીનેન્ટલ હાર્ટ ડિસિઝ જોવા મળે છે. આ બાળકીને પણ આ જ બીમારી હતી તેથી ઘણી સમજાવટ બાદ તેઓએ આ ઓપરેશન કરાવ્યું છે. કિરણ હોસ્પિટલમાં ઓપરેશન બાદ ૧૦ થી ૧૫ દિવસ સુધી રહેવું પડ્યું હતું. જેનો પણ કોઈ ખર્ચ પરિવારે ભોગવવો પડ્યો નથી. સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલમાં આ ઓપરેશન દોઢથી બે લાખ રૂપિયાના ખર્ચે થતું હોય છે.

**આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે**

# પ્રબોધ નો બોધ! પતિવ્રતા સ્ત્રીનાં વ્રતનો ભંગ કરનાર જો ઈશ્વર હોય તો એ પણ દંડિત થાય છે



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજે દેવ એટલે ભગવાન વિષ્ણુના લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળી ની શરૂઆત થઈ, આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે, પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે.**

આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની શરૂ થશે. ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુના લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળીની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે. ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈ ને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાના લગ્ન રાક્ષસ કુળના જ જલંધર નામના એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપના આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધરને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું



કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવો ને હરાવવા માટે એ સિવાય બીજો કોઈ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે. ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે.મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈ અને મંત્ર કરતી ઉભી થઈ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધરનું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલધર રુપે વ્યક્તિને જુએ છે. ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપ માં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે. આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે. તે દિવસથી ભગવાનનો અંશ આ પથ્થરમાં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે. આ અગિયારસનું નામ પ્રબોધિની એટલા માટે રાખવામાં આવ્યું છે, કે આ અગિયારસ આપણને એક બોધ આપે છે, કે પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરનાર જો સ્વયં ઈશ્વર હશે, તો તેને પણ શ્રાપ લાગી શકે છે. માટે એવી સ્ત્રી દેવ કુળની હોય, રાક્ષસ કુળની હોય, કે પછી નાગ ગંધર્વ કે માનવ કુળની હોય, પણ તેનો પતિવ્રતા ધર્મ જો અખંડ હશે, તો તેને ઈશ્વર પણ હરાવી નહીં શકે. સતી વૃંદાએ તે વખતે ઈશ્વરને એક બીજો શ્રાપ આપ્યો હતો, કે તમારે પણ પત્ની વિયોગ સહન કરવો પડશે, એટલે વિષ્ણુ ભગવાન રામ તરીકે જન્મ લે છે, અને સીતાના વિયોગનું દુઃખ સહન કરે છે. તો આ થઈ પૌરાણિક વાત કે જેને કારણે આપણે ત્યાં તુલસી વિવાહ થાય છે. લક્ષ્મીના અવતાર તરીકે કે સતી વૃંદા સ્વરૂપે આપણે ત્યાં તુલસીને દરેક આંગણામાં સ્થાન મળ્યું છે, અને હિન્દુ સ્ત્રીઓ રોજ તુલસીનું પૂજન કરી, પોતાનું સુખ-સમૃદ્ધિ ટકાવી રાખવા તુલસી રુપે લક્ષ્મી માતાની પૂજા કરે છે. આ ઉપરાંત તુલસીને એક આયુર્વેદિક ઔષધી પણ બતાવવામાં આવી છે, જે લગભગ દરેક પ્રકારના રોગમાં ઉપયોગી છે. ખાસ કરીને શરદી સળેખમ અને પેટના રોગોમાં તુલસીના પાનનો અર્ક ગ્રહણ કરવો, અથવા તો તુલસીના પાનનો ઉકાળો બનાવીને પીવાથી, ઘણી રાહત રહે છે. તુલસી છોડ રૂપે જ લગભગ જોવા મળે છે. ત્રીસથી ચાલીસ સેન્ટિમીટર જેટલો ઊંચો તેનો છોડ થાય છે, અને લંબગોળ આકારના તેના પર્ણ હોય છે. સ્વાદમાં જરાક તીખા અને વિશિષ્ટ સુગંધ ધરાવતા આ પર્ણનું સેવન પણ ઘણા લોકો કરતા હોય છે. તુલસીમાં પણ ઘણા પ્રકાર જોવામાં આવે છે. શ્યામ તુલસી, રામ તુલસી, તિલક તુલસી, તેમજ વન સ્વરૂપે જોવા મળતા ગાઢ તુલસી. અમુક ઊંચાઈ સુધી છોડની વૃદ્ધિ થતાં તેમાં માંજર આવે છે, અને આ માંજરમાંથી બીજા તુલસીના છોડ બંને છે. વૈષ્ણવના ઘરમાં તુલસી વિવાહ થયા પછી તુલસી મુરજાઈ જાય છે, તેવી એક માન્યતા પણ પ્રચલિત છે, તેથી તેઓ આ માંજર લગ્ન પહેલાથી જ બીજા કુંડામાં વાવી દેતા હોય છે, જેથી કરીને બીજો છોડ તરત થવા લાગે. આ ઉપરાંત ઘણા પ્રાંતોમાં આ લગ્ન અગિયારસથી શરૂ કરી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, અને પૂનમના દિવસે ભગવાન શાલીગ્રામના તુલસી સાથે સાત ફેરાથી વિધિવત લગ્ન સંપન્ન કરવામાં આવે છે. આપણે સૌ આ દેવની દિવાળીની ઉજવણી આંતરિક રીતે ગુણ સમૃદ્ધ થઈને ઉજવીએ, દરેકે દરેક સ્ત્રીનું સન્માન કરીએ, અને ભક્તિભાવથી રોજ કોઈને કોઈ રીતે ઈશ્વરનું અનુસંધાન થાય તેવી પૂજાપાઠનો નિયમ લઈએ.

**રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુઃખ આપ્યું, તેથી આ જન્મમાં મને કૈકેયીમા દુઃખ આપે છે**

# ઈશ્વર હંમેશા રસ્તો બતાવે જ છે, ક્યારેક રાહદારી તો ક્યાંક સાયકલ, રિક્ષા, કાર હોટલ લારી વાળો બનીને, બસ જ્યાંજવાનું છે



વિશેષ
યશપાલસિંહ દી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**રામજીને કર્મનું બંધન નથી, તેઓ તો કર્મથી પર છે, રામજી પોતાની ઇચ્છાથી પ્રગટ થાય છે, જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે, પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે, ત્યારે કર્મની મર્યાદામાં રહે છે, જગતને એવો આદર્શ બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદાપાળું છું, આ ભગવાનની લીલા છે, કૈકેયીએ રામને વનવાસ આપ્યો, કૌશલ્યા માને અતિ દુઃખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે, આ મારાં કર્મનું ફળ છે.**

આજે કારતક સુદ આઠમ હવે ધીમેધીમે સિદ્ધપુર માતૃતીર્થમાં શ્રધ્ધાળુઓનો કાત્યોક મેળો અને ગરવા ગિરનારની ગોદમાં લીલી પરિક્રમા માટે લોકોનું આગમન થશે.ભગવદ્ જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાની પુરુષો સુખ દુઃખનું કારણ બહાર શોધતા નથી. મને કોઈ સુખ દુઃખ આપે છે એ કલ્પના ભ્રામક છે. એવી કલ્પના માંથી બીજા જીવ પ્રત્યે વેરભાવ જાગશે સદા સર્વદા મનને સમજાવો તને જે સુખ દુઃખ થાય છે તારા કર્મનું ફળ છે. રામજીને કર્મનું બંધન નથી.તેઓ તો કર્મથી પર છે. રામજી પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે. જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે. પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે, ત્યારે કર્મની મર્યાદામાં રહે છે. જગતને એવો આદર્શ બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદાપાળું છું.આ ભગવાનની લીલા છે. કૈકેયીએ રામને વનવાસ આપ્યો. કૌશલ્યા માને અતિ દુઃખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે,આ મારાં કર્મનું ફળ છે. પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુઃખ આપ્યું હતું તેનું આ ફળ છે. મેં પરશુરામ અવતારમાં જે કર્યું હતું તે રામાવતારમાં ભોગવવાનો વખત આવ્યો. પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુરામની મા એક વખત રેણુકાને મનમાં વિચાર આવ્યો કે, ગંધર્વ કન્યા જેવું સુખ મને મળ્યું નહીં.આમ મનથી વ્યભિચાર થયો તે ઋષિ જમદગ્નિના જાણવામાં આવ્યું. તેમણે પરશુરામને કહ્યું કે, તારી મા પાપી છે,તેને મારી નાખ. પરશુરામને આજ્ઞા થઈ તેથી તેણે માને મારી નાખી. રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુઃખ આપ્યું, તેથી આ જન્મમાં મને કૈકેયીમા દુઃખ આપે છે.મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે,રામે રામાવતારમાં જે વાલીને માર્યો તે જ વાલી શ્રી કૃષ્ણાવતારમાં પારધી થઈને આવ્યો અને ભગવાનને બાણ મારેલું .કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે. આખી રાત લક્ષ્મણજી અને ગુહક વચ્ચે આ પ્રમાણે વાતો થઈ.બ્રહ્મ મુહૂર્તમાં રામજી સ્નાન કરી શિવ પૂજન કરે છે. રઘુનાથ જી બતાવે છે કે,હું ઈશ્વર છું છતાં શિવ પૂજન કરું છું. ગુહક ઘરે જવા ના પાડે છે રામજી કહે છે,સારું ચિત્રકૂટમાં હું નિવાસ કરું અને પછી તમે ઘરે જજો. ભગવાન ધીમે ધીમે પ્રયાણ કરે છે પછી પ્રયાગ રાજ પધાર્યા છે. ત્યાં ભરદ્વાજ મુનિનો આશ્રમ છે. દ્વાજને કાનમાં ભરી રાખે તે ભરદ્વાજ દ્વાજ એટલે ગુરુ શિષ્ય નો બોધ.તમે ભરદ્વાજ થશો તો તમારે ત્યાં પરમાત્મા આવશે. રામ,સીતા,લક્ષ્મણ ભરદ્વાજ મુનિ ના આશ્રમમાં આવ્યા.બીજા ઋષિઓને ખબર પડતાં તે પણ આવ્યા છે. ભરદ્વાજ મુનિ કહે છે કે, આજ સુધી જે સાધન કર્યું તેનું ફળ મને મળી ગયું. સર્વ સાધનનું ફળ ભગવાનનાં દર્શન. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યા વગર જીવન સફળ થતું નથી. એક રાત્રિ પ્રભુએ ત્યાં મુકામ કર્યો. બીજે દિવસે પ્રભુ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આવ્યા વાલ્મીકિએ રામકથા



સમાધિ ભાષામાં લખી છે. રામજીનું પ્રાગટ્ય થતાં પહેલાં વાલ્મીકિએ રામાયણ લખ્યું છે. વાલ્મીકિ આદિ કવિ છે.વાલ્મીકિના મુખમાં થી પહેલો શ્લોક નીકળ્યો. તે પહેલાં જગતમાં શ્લોક ન હતો આ આદિશ્લોક છે.એક પારધીએ ક્રૌંચને બાણ માર્યું. વાલ્મીકિ આ દૃશ્ય જોઈ બહુ વ્યાકુળ થયા અને પારધીને ઠપકો આપ્યો. એ ઠપકાનો શ્લોક તે વિશ્વનો પહેલો શ્લોક છે, આદિ કવિતાનું એ મંગલ પ્રભાત છે. વાલ્મીકિના આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ,જાનકીજી પધાર્યા. રામચંદ્રજીએ વાલ્મીકિની સ્તુતિ કરી ત્યારે વાલ્મીકિ કહે, આ તો સત્સંગનું ફળ છે. પહેલાં વાલિયો ભીલ હતો અને લૂંટફાટનો ધંધો કરતો પણ નારદજીના સત્સંગથી મારું જીવન સુધરી ગયું. નારદજીએ મને પૂછ્યું કે,તું કોના માટે પાપ કરે છે? મેં જવાબ આપ્યો કે,મારા કુટુંબ માટે! ત્યારે નારદજીએ મને કહ્યું કે, તારા આ પાપમાં તારા કુટુંબના સભ્યો ભાગીદાર થશે?મેં જવાબ આપ્યો કે, કેમ નહીં? નારદજીએ કહ્યું,જા, પૂછીને ખાતરી તો કર!હું ઘરે ગયો મેં મારી પત્ની અને પુત્રોને પૂછ્યું કે, હું જે પાપ કરું છું તેમાં તમે ભાગીદાર ખરાં કે નહીં? તો બધા એ જવાબ આપ્યો કે, પાપ કરે તે ભોગવે.અમારે શું?આ સાંભળી મારો મોહ નષ્ટ થયો! પછી મને નારદજીએ રામ નામનો મંત્ર આપ્યો. મારા જેવા પાપીના મુખ માંથી રામ રામને બદલે મરા મરા શબ્દ નીકળવા લાગ્યો. છતાં પ્રભુ એ મારા ઉપર કૃપા કરી.મારો ઉદ્ધાર થયો. જેના ઉપર કૃપા કરી આપ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી દો છો તે જ આપને જાણી શકે છે અને આપને જાણ્યા પછી તે આપનું સ્વરૂપ બની જાય છે. તુલસીદાસજીએ રામાયણમાં પૂર્ણ અદ્વૈતનું વર્ણન કર્યું છે.ભક્ત અને ભગવાનમાં અંતે કંઈ ભેદ રહેતો નથી. પ્રભુએ વાલ્મીકિ ઋષિને પૂછ્યું કે, અમારે વનમાં ક્યાં નિવાસ કરવો? કોઈ સ્થાન બતાવો!ત્યારે વાલ્મીકિ કહે છે, જેના કાન સમુદ્ર સમાન છે,એવા સમુદ્ર સમાન કે જેમાં તમારી કથારૂપી સેંકડો નદી ઓ સખત ઠલવાતી રહે છે છતાં જે કદી છલકાતો નથી એવા ભક્તના હૃદયમાં તમારો વાસ છે. જેના હૃદયમાં કામ, ક્રોધ, મદ, મોહ, અભિમાન, લોભ, રાગદ્વેષ, દંભ કે કપટ વગેરે નથી તે હૃદયમાં તમારો વાસ છે. જે સૌને હિતકારી છે. સૌનું પ્રિય કરનારો છે. સુખ દુઃખ, નિંદાસ્તુતિ જેને સરખાં છે, જે સત્ય અને પ્રિય વચન બોલનારો છેઅને જાગતાં ઊંઘતાં તમારું શરણ શોધે છે, તમારા સિવાય જેની બીજી ગતિ નથી તેના હૃદય માં તમારો વાસ છે.પરસ્ત્રીને જે માતા સમી ગણે છે, પરદુઃખે જે દુઃખી છે,અને પરસુખે જે સુખી છે અને જેને તમે પ્રાણ સમ પ્યારા છો,જેનાં માતા પિતા, સખા, સ્વામી અને ગુરુ તમે છો તેના મન મંદિર માં પ્રભુ તમારો વાસ છેતે હું જાણું છું.તમે બે ભાઈઓને સીતાજી ત્રણે ત્યાં વસો!ભગવાનનો વાસ ભક્તોના અંતરમાં છે.એ ભક્તો નાં લક્ષણો વાલ્મીકિએ અહીં બતાવ્યાં છે. આ લક્ષણો જેનામાં હોય તેની અંદર રામજી વસશે. પછી વાલ્મીકિ કહે છે, મહારાજ, તમે કહો છો, મને રહેવાની જગ્યા બતાવો.તો આપ ક્યાં નથી? તમારી આ લીલા છે. એટલે હું આપને સ્થાન બતાવું છું. ચિત્રકૂટ પર્વત ઉપર આપ બિરાજો!ચિત્ત એ ચિત્રકૂટ છે. અંતઃકરણ પરમાત્મા સ્વરૂપનું સતત ધ્યાન કરે ત્યારે તેને ચિત્ત કહે છે.ચિંતન કરવું ચિત્તનો ધર્મ છે. નિશ્ચય કરવો એ બુદ્ધિનો ધર્મ છે,સંકલ્પ વિકલ્પ કરવા એ મનનો ધર્મ છે. એક જ અંતઃકરણ ના આ ભેદો છે.આજ્ઞા નથી, પાપ થાય છે. અજ્ઞાન ચિત્તમાં છે અને ચિત્તમાં જો પરમાત્મા આવે તો જીવ કૃત કૃત્ય થાય છે.લક્ષ્મણ વૈરાગ્ય છે, સીતાજી પરા ભક્તિનું સ્વરૂપ છે. રામએ પરમાત્મા છે.રઘુનાથ જી મંદાકિનીના કિનારે પધાર્યા છે. અત્રિઋષિનો ત્યાં આશ્રમ છે. અત્રિઋષિ વયોવૃદ્ધ થયા હતા. તેનો ગંગાસ્નાનનો નિયમ હતો, પણ ગંગાસ્નાન માટે જઈ શકાતું નહોતું તેથી અનસૂયાએ ગંગાજી ને પ્રાર્થના કરીકે,તમે મારા આશ્રમ માં પ્રગટ થાવ અને ગંગાજી ત્યાં પ્રગટ થયાં છે. તુલસીદાસજીને ચિત્રકૂટના ઘાટ પર રઘુનાથજીનાં દર્શન થયાં છે. તુલસીદાજી ચંદન ઘસે છે અને રામજી તિલક કરે છે. પણ તુલસી દાસજીને ખબર નથી.ત્યારે હનુમાનજી એમને એક દુહો બોલી ચેતવે છે.રામજી આપણા ચિત્તમાં આવે તો આપણો ચિત્રકૂટ પવિત્ર થાય. રઘુનાથજી ચિત્રકૂટ આવ્યા છે તે ખબર પડતાં ભીલ, કિરાત વગેરે લોકો રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે. રામનાં દર્શન કરતાં જડ ચેતન બને છે.રામજીનાં દર્શનમાત્રથી આ વનવાસીઓનો સ્વભાવ બદલાયો.તેઓનું ધન સુધરી ગયું. તેઓ કહે છે,અહીંના વન,પહાડ, ગુફા અમારા જોયેલાં છે આપ કહેશો ત્યાં અમે લઈ જઈશું અને કંઈ જ લેશું નહી. અમે તમારા સેવકો છીએ.સૌ વાચક ચાહક શુભેચ્છકો મિત્રો,જય માતાજી, નૂતનવર્ષાભિનંદન.. ગઈકાલે રોટી સંત પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ઉજવણી ધામ ધૂમથી કરવામાં આવી.આજે બસ અહીં જ અટકીએ અસ્તુ.

### સુનિલ શેટ્ટીની પાંસળી તૂટી જતા સેટ પર બોલાવાઇ ડોક્ટરોની ટીમ

# શૂટિંગ દરમિયાન ગંભીર રીતે ઘાયલ સુનિલ શેટ્ટી

આગામી વેબ સિરીઝ 'હન્ટર ૨'ના શૂટિંગ દરમિયાન અભિનેતા ઘાયલ થયો છે. એક્શન સીનના શૂટિંગ દરમિયાન સુનીલ શેટ્ટી સાથે અકસ્માત થયો છે. લાકડાનો ટુકડો ઘૂસી જતાં અભિનેતાની પાંસળીમાં ગંભીર ઈજાઓ થઈ છે. તાત્કાલિક સારવાર માટે ફિલ્મના સેટ પર જ ડોક્ટરોની ટીમને બોલાવવામાં આવી. સુનીલ શેટ્ટી OTT પર ખૂબ જ સક્રિય છે. એમેઝોન મિની ટીવી પર પ્રીમિયરિંગ વેબ સિરીઝ 'હન્ટર'માં તેણે એસીપી વિક્રમની દમદાર ભૂમિકા ભજવી હતી. આ સીરીઝની બીજી સીઝન ટૂંક સમયમાં આવી રહી છે. બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટી ઘાયલ હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. આગામી વેબ સિરીઝ 'હન્ટર ૨'ના શૂટિંગ દરમિયાન અભિનેતા ઘાયલ થયો હતો.

**એમેઝોન મિની ટીવી પર પ્રીમિયરિંગ વેબ સિરીઝ 'હન્ટર'માં તેણે એસીપી વિક્રમની દમદાર ભૂમિકા ભજવી હતી**



એક એક્શન સીનના શૂટિંગ દરમિયાન સુનીલ શેટ્ટી સાથે અકસ્માત થયો હતો. તેની પાંસળીમાં ગંભીર ઈજાઓ થઈ છે. લાકડાનો ટુકડો પેટમાં ઘૂસી જતાં અભિનેતા ઘાયલ થયો છે. સુનીલ શેટ્ટીને તાત્કાલિક સારવાર આપવા માટે ફિલ્મના સેટ પર જ ડોક્ટરોની ટીમને બોલાવવામાં આવી હતી.

### મારું ડ્રેસિંગ પણ અન્ય હીરોઈન્સ જેવું ન થાય તેની ખાસ કાળજી રાખુ છું

# બધી હીરોઈન સરખી દેખાય છે, મારે સારા-જાન્હવી જેવા નથી લાગવુઃ નોરા

**'મડગાંવ એક્સપ્રેસ'માં જોવા મળી હતી, વરુણ તેજ અને મીનાક્ષી સાથે નોરાની પહેલી તેલુગુ ફિલ્મ 'મટકા' પણ રિલીઝ થવાની છે અન્ય એક ફિલ્મ 'ડાન્સિંગ ડેડ' પણ પાઈપલાઈનમાં છે**

ભારતીય ફિલ્મોમાં દાયકાઓથી હીરોઈનને ગ્લેમરસ બતાવવાનો ટ્રેન્ડ છે. આ ટ્રેન્ડને ફોલો કરવાની સાથે દરેક હીરોઈને પોતાની અલગ સ્ટાઈલ અને સ્વેગ સેટ કરેલાં છે. જો કે હાલના સમયમાં બોલિવૂડની મોટાભાગની હીરોઈને એક સરખી લાગતું હોવાનું નોરા ફતેહી માને છે. અન્ય હીરોઈન્સ કરતાં અલગ દેખાવા માટે જ પોતાના ડ્રેસિંગમાં ખાસ કાળજી રાખતી હોવાનું નોરાએ કહ્યું હતું. તાજેતરમાં યોજાયેલા ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નમાં નોરાએ બોલિવડમાં મહિલાઓની સુંદરતા બાબતે બદલાઈ રહેલા માપ દંડ અને આ માપદંડો સાથે પોતાના અનુકૂલન અંગે વાત કરી હતી. નોરાએ ખુલાસો કર્યો હતો કે, અમારી ઈન્ડસ્ટ્રીમાં મોટાભાગની છોકરીઓ જેવાં જ મારા એસ્થેટિક્સ છે. અમે બધાં હવે સરખા દેખાઈ રહ્યાં છીએ, પરંતુ મારે તેમ થવા દેવું નથી. આ કારણથી જ પોતાની હેરસ્ટાઈલ અને ડ્રેસિંગમાં ખાસ કાળજી રાખું છું. અનન્યા, સારા અથવા જાન્હવી જેવાં કપડાં ના પહેરાવવા જોઈએ તેવું નોરા માને છે. વળી, નોરા આ બાબતે પોતાના સ્ટાઈલિસ્ટને ખાસ સૂચના પણ આપે છે. ક્યારેક અન્ય જેવા નહીં દેખાવા માટે સંઘર્ષ પણ કરવો છે. ડાયેરક્ટર અને સ્ટાઈલિસ્ટ ચોક્ક્સ પ્રકારના ડ્રેસિંગ માટે આગ્રહ કરે છે. જો કે અન્ય હીરોઈન પણ આ જ પ્રકારનાં કપડાં પહેરતી હોવાથી નોરા પોતાના શરીરને વધારે અનુકૂળ હોય તેવી સ્ટાઈલ પસંદ કરે છે. નોરાનું માનવું છે કે, બોલિવૂડ માટે તેની 'બોડી ટાઈપ' ફેમિલિઅર નથી. આ બાબત ડાયરેક્ટર અને સ્ટાઈલિસ્ટને સમજાવવાનું અઘરું બને છે. નોરા છેલ્લે કુણાલ કેમુની 'મડગાંવ એક્સપ્રેસ'માં જોવા મળી હતી. વરુણ તેજ અને મીનાક્ષી સાથે નોરાની પહેલી તેલુગુ ફિલ્મ 'મટકા' પણ રિલીઝ થવાની છે. નોરાની અન્ય એક ફિલ્મ 'ડાન્સિંગ ડેડ' પણ પાઈપલાઈનમાં છે.



### દરેક રોલમાં મારી જાતને પડકારવાનો નિશ્ચય કર્યો છે

# ભૂલોએ નવું શીખવાની તક આપીઃ સામંથા

દિવાળી અને નવા વર્ષની ઉજવણી સાથે અગાઉ થયેલી ભૂલોને હડસેલો મારી નવેસરથી શરૂઆત કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી સામંથા રૂથ પ્રભુને પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં સતત પછડાટો મળી છે. પુષ્પામાં સામંથાના સ્પેશિયલ સોન્ગ 'ઉ અંટ્વા...'ને બાદ કરતાં કોઈ રોલની ચર્ચા થઈ નથી. મહિનાઓના સંઘર્ષ બાદ તેની તબિયત સુધરી છે, પણ 'બીત ગઈ, સો બાત ગઈ'ની ઉક્તિને સાર્થક કરતાં સામંથા નવી શરૂઆત કરવા સજ્જ છે. ભૂતકાળમાં થયેલી ભૂલોએ નવું શીખવાની તક આપી હોવાનું સ્વીકારીને સામંથાએ આગામી સમયના દરેક રોલમાં પોતાની જાતને જ પડકાર આપવાનો નિશ્ચય કર્યો છે. સામંથાએ 'સિટાડેલઃ હની બની'ના પ્રમોશન માટે ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથિંગ' સેશન રાખ્યુ હતું. ફેન્સ સાથે વર્ચ્યુઅલ સંવાદ કરતાં સામંથાએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ભૂલો કરી હોવાનું તે સ્વીકારે છે. આકરી મહેનત કરવા છતાં સફળતા મળી ન હતી. છેલ્લી કેટલીક ફિલ્મોમાં શ્રેષ્ઠ કામ નહીં થયું હોય તેવું પણ સામંથાને લાગે છે. જો કે દરેક નવા રોલમાં પોતાની જાતને જ પડકાર આપવાનો નિશ્ચય કર્યો છે. દરેક વખતે અગાઉ કરતાં વધારે પડકારજનક રોલ કરવા છે. 'સિટાડેલ'માં પોતાના રોલ અંગે સામંથાએ કહ્યું હતું કે, આ કેરેક્ટર ખૂબ કોમ્પ્લિકેટેડ અને લેયરવાળું છે. મારી કરિયરનો સૌથી વધુ ચેલેન્જિંગ રોલ આ સિરીઝમાં છે, પણ આ બાબતનો નિર્ણય ઓડિયન્સ પર છોડું છું. પ્રિયંકા ચોપરા અને રિચર્ડ મેડ્નનો રોલ ધરાવતી 'સિટાડેલ' સિરીઝની પ્રીક્વલ તરીકે આ સિરીઝ બની છે. તેમાં સામંથા સાથે વરુણ ધવન લીડ રોલમાં છે. આ સિરીઝ ૭ નવેમ્બરથી પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થવાની છે. સામંથા રૂથ પ્રભુ છેલ્લા કેટલાક મહિનાઓમાં પોતાનું વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવન ફરીથી પકડી રહી છે. ૨૦૨૩ અને ૨૦૨૪માં તેણે કેટલાય મહત્વના પડાવથી પસાર થઈને કેટલાક મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. અહીં તેના તાજેતરના જીવન અને કારકિર્દી પર થોડી પ્રકાશ પાડતા મુદ્દાઓ છે, ૨૦૨૧ માં સામંથા અને તેલુગુ અભિનેતા નાગા ચૈતન્યના વિમોચન પછી, તેણે પોતાના મનોબળને વધારીને ભય અને નકારાત્મકતા સામે ઝઝૂમતી રહી. આ સંકટમાંથી તેઓ નવી પ્રેરણા મેળવીને બહાર આવ્યા છે. સામંથાએ ૨૦૨૩ માં "કુંદાંતી" નામની મલયાલમ ફિલ્મમાં અભિનય આપ્યો હતો, જેમાં તેણી એક સશક્ત પાત્ર ભજવી રહી છે. આ ફિલ્મ અને તેનાં અભિનયને પ્રશંસા મળી છે.૨૦૨૪ માં, સામંથાએ "ઓ સીતા યાગા" નામક ટેલુગુ ફિલ્મમાં સેન્ટીમેન્ટલ પાત્રની ભૂમિકા ભજવી. આ ફિલ્મ પણ ફિલ્મી જગતમાં ચર્ચિત રહી છે.



# ભૂલ ભુલૈયા ૩ની સફળતા અંગે વાત કરતાં કહ્યું જીવનમાં ક્યારેય દારૂને હાથ લગાડ્યો નથી

નવા વર્ષની શરૂઆત સાથે કાર્તિક આર્યનના સિતારા બુલંદી પર આવી ગયાં છે. કાર્તિકની હોરર કોમેડી 'ભૂલ ભુલૈયા ૩' થીયેટરમાં કમાલ બતાવી રહી છે. કાર્તિક આર્યનને બોલિવૂડમાં સાદગી માટે ઓળખવામાં આવે છે. કાર્તિકે પોતાની આ ઈમેજને મજબૂત બનાવતાં દાવો કર્યો છે કે, તેણે જીવનમાં ક્યારેય દારૂ પીધો નથી. 'ભૂલ ભુલૈયા ૩'ની સફળતા અંગે વાત કરતાં કાર્તિકે કહ્યું હતું કે, તેણે જીવનમાં ક્યારેય દારૂ પીધો નથી. આ બધી વસ્તુઓમાં તેને કોઈ રસ નથી. બોલિવૂડની પાર્ટીઓમાં સતત હાજરી આપવા છતાં કાર્તિકને દારૂથી દૂર રહેવામાં સફળતા મળવાનું આશ્ચર્યજનક છે. કાર્તિકની ગણતરી ટોચના સ્ટાર્સમાં થતી હોવા છતાં તે હંમેશા પોતાની માતાનું કહ્યું માને છે. કાર્તિકને તેની માતાએ બાઈક નહીં ચલાવવા કહ્યું છે. કાર્તિકે કહ્યું હતું કે, તેની પાસે રોયલ એનફિલ્ડ અને ડુકાટી સ્ક્રેમ્બલર છે, પરંતુ તે ચલાવતો નથી. કરિયરની શરૂઆતમાં કાર્તિક પાસે થર્ડ હેન્ડ ટોયોટા કોરોલા કાર હતી. આ કારને કાર્તિકે રૂ.૪૫,૦૦૦માં ખરીદી હતી. કારનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલતો ન હતો, જેથી કાર્તિક હંમેશા પેસેન્જર સાઈડથી કારમાં પ્રવેશ કરતો અને સીટ કૂદીને ડ્રાઈવર સીટ પર જતો હતો. આ કાર કાર્તિક માટે ખૂબ ખાસ હતી અને કાર્તિક તેને સંઘર્ષના સમયની સાથીદાર ગણાવે છે. કાર્તિકને સ્પીડ ટેસ્ટ માટે કાર ચલાવવાનું ગમે છે. લેમ્બોર્ગિની ફૂલ સ્પીડમાં ચલાવી ત્યારે કાર્તિકના ઘરે ટ્રાફિક ચલાન આવ્યુ હતું. ચલાન સીધું ઘરે આવતાં ઠપકો મળ્યો હોવાનું કાર્તિકને યાદ છે.



### રોહિતની ફિલ્મો કુલ ૨૦૦૦ કરોડની આવકથી માત્ર ૨૧૮ કરોડ દૂર

# ભૂલ ભુલૈયા ૩ની ધમાલ સામે સિંઘમ અગેઇનની એક્શન થોડી ફિક્કી પડી



રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન'ને સોમવાર સુધી બોક્સ ઓફિસ પર દુનિયાભરમાંથી રૂ.૨૦૦ કરોડની કમાણી કરી લીધી છે. ભારતમાં આ ફિલ્મે ૧૫૦ કરોડના આંકડાને પાર કરી લીધો છે. જો કે ભૂલ ભુલૈયા ૩ને રૂ.૨૪૦ કરોડથી વધુની આવક થઈ છે. પહેલાં વીકેન્ડમાં જ ગતિએ દોડ્યા બાદ હવે બોક્સ ઓફિસ પર બંને ફિલ્મો થોડી ધીમી પડી છે પરંતુ ભૂલ ભુલૈયા ૩ની ધમાલ સામે સિંઘમ અગેઈનની એક્શન થોડી ફિકી પડી હોય તેમ જણાય છે. મંગળવારે પાંચમા દિવસે 'સિંઘમ અગેઈન'ને ૧૩.૫૦ કરોડની આવક થઈ હતી. સોમવારની ૧૮ કરોડની આવકમાં ૨૫ ટકા ઘટાડો થયો હતો. પરંતુ આ ઘટાડો અપેક્ષિત હતો, કારણ કે દેશભરમાં દિવાળીની રજાઓ પૂરી થઈ ગઈ છે. આ ઘટાડા છતાં ફિલ્મે ૧૫૦ કરોડની કમાણીનું લક્ષ્યાંક પૂરું કરી લીધું છે અને કુલ ૧૫૩.૨૫ કરોડના આંકડાને પાર કરી લીધો છે. મહત્વની અને રસપ્રદ વાત એ છે કે, રોહિત શેટ્ટીની ફિલ્મો કુલ ૨૦૦૦ કરોડની આવકથી માત્ર ૨૧૮ કરોડ દૂર છે. ફિલ્મ હાલ ઝડપથી વધુ ૨૦૦ કરોડના માઈલ સ્ટોન તરફ આગળ વધી રહી છે. 'સિંઘમ અગેઈન' રોહિત શેટ્ટીની ૧૬મી ફિલ્મ છે. તેમની આ ફિલ્મોને અત્યાર સુધી કુલ ૧૭૮૨ કરોડની આવક થયેલી છે. જ્યારે સિંઘમ અગેઈન રોહિત શેટ્ટીની ૧૦મી ફિલ્મ છે, જેણે ૧૦૦ કરોડનો લક્ષ્યાંક પાર કર્યો હોય. હોલિવૂડમાં માર્વેલની ફિલ્મો બનાવનારા રુસો બ્રધર્સ સાથે રોહિત શેટ્ટીને કોપ યુનિવર્સની ફિલ્મો બદલ સરખાવવામાં આવી રહ્યા છે. જો રોહિત શેટ્ટીની કુલ ૨૦૦૦ કરોડની આવકની વાત કરવામાં આવે તો તેની પહેલી ફિલ્મ 'ઝમીન'ની કમાણી ૧૧ કરોડ, 'ગોલમાલ-ફન અનલિમિટેડ' ૩૦ કરોડ, 'સંડે' ૨૦ કરોડ, 'ગોલમાલ રીટર્ન્સ' ૫૧.૯૦ કરોડ, 'ઓલ ધ બેસ્ટ-ફન બિગિન્સ' ૪૧.૪૦ કરોડ, 'ગોલમાલ ૩' ૧૦૬ કરોડ, 'સિંઘમ' ૧૦૦ કરોડ, 'બોલ બચ્ચન' ૧૦૨ કરોડ, 'ચેન્નઈ એક્સપ્રેસ' ૨૨૭ કરોડ, 'સિંઘમ રીટર્ન્સ' ૧૪૧ કરોડ, 'દિલવાલે' ૧૪૮ કરોડ, 'ગોલમાલ અગેઈન' ૨૦૫.૭૨ કરોડ, 'સિમ્બા' ૨૪૦ કરોડ, 'સૂર્યવંશી' ૧૯૫ કરોડ, 'સર્કસ' ૨૦.૮૫ કરોડ કમાઈ હતી, જ્યારે 'સિંઘમ અગેઈન' હવે ૨૦૦ કરોડ તરફ ગતિ કરી રહી છે. દિવાળી પર 'ભૂલ ભુલૈયા ૩' પણ રિલીઝ થઈ હતી. રિલીઝ પહેલાં બંને ફિલ્મો વચ્ચે ટક્કરના કારણે કોઈ એક ફિલ્મને નુકસાન થવાની શક્યતાઓ અને ધારણાઓ ચાલતી હતી. ત્યારે હવે પાંચ દિવસમાં 'ભુલભુલૈયા ૩'એ પણ વર્લ્ડ વાઈડ ૨૦૦ કરોડના આંકડાને પાર કરી લીધો છે. ત્રણ જ દિવસમાં આ ફિલ્મે ૧૫૫ કરોડનું લક્ષ્યાંક પાર કરી લીધું હતું અને હવે પહેલા સોમવારે થોડી ધીમી ગતિએ આગળ વધતાં ૨૫.૫૦ કરોડની કમાણી સાથે ચાર દિવસમાં ૧૮૦.૫૦ કરોડની કમાણી કરી છે. કાર્તિક આર્યનની હોરર કોમેડીએ મંગળવારે ૨૦.૫૦ કરોડ ભારતમાં તેમજ વર્લ્ડ વાઈડ ૫ કરોડની કમાણી કરી છે. આમ પાંચ દિવસના અંતે ૨૦૧ કરોડની કમાણી કરી લીધી છે. ફિલ્મની ટોટલ ઓવરસીઝ કમાણી ૪૫.૨૫ કરોડ થઈ ગઈ છે. આમ વૈશ્વિક બોક્સ ઓફિસમાં કુલ કમાણી ૨૪૦ કરોડથી લઈને ૨૫૫ કરોડ સુધીની થઈ ગઈ છે. આવનારા દિવસોમાં આ ફિલ્મોમાંથી કોનો હાથ ઉપર રહે છે તે જોવું રહ્યું.

### સલમાન ખાનમાં હિંમત હોય તો બચાવી લે, બિશ્નોઈ ગેંગે કોને આપી ધમકી?

# એક મહિનામાં ગીત લખનારને મારી નાખીશું : બિશ્નોઈ ગેંગ

**મુંબઈની વરલી પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે, પોલીસ તે નંબરને શોધવામાં વ્યસ્ત છે જ્યાંથી ધમકી આવી હતી**

છેલ્લાં કેટલાંક સમયથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન વચ્ચેના ડિવોર્સની અફવાઓ અને ચર્ચાઓ ચાલે છે. ત્યાર બાદ આ અફવાઓને વધુ મોટું સ્વરુપ આપવા માટે અભિષેક બચ્ચન અને નિમ્રત કૌર વચ્ચેના અફેરની ચર્ચાઓ શરૂ થઈ. કેટલાંક લોકો નિમરતને અભિષેક અને ઐશ્વર્યાના સંબંધ તૂટવા માટે જવાબદાર પણ ઠેરવવા લાગ્યા અને કેટલાંકે અભિષેક પર છેતરપિંડીની આરોપ પણ લગાવ્યા. પરંતુ આ અંગે દંપતિ સહિત સમગ્ર બચ્ચન પરિવાર મૌન છે. કોઈએ ક્યારેય આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ત્યારે હવે પરિવાર સાથે સંકળાયેલાં સૂત્ર દ્વારા આ અંગે પ્રતિક્રિયા આપવામાં આવી છે. જેણે આ અફવાઓને ફગાવી દીધી છે અને આ અંગે નારાજગી પણ વ્યક્ત કરી છે. તેમણે આ અફવાઓને એક ખરાબ મજાક, દ્વેષપૂર્ણ અને બિલકુલ રદ્દી ગણાવી છે. બચ્ચન પરિવાર સાથે સંકળાયેલા એક સૂત્રએ ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું,''આ અફવાઓમાં સત્યને કોઈ સ્થાન જ નથી. અમને તો એ વાતે પ્રશ્ન થાય છે કે આ મુદ્દે નિમરતે કેમ હજુ સુધી કોઈ ઈનકાર કે રદિયો ન આપ્યો. અભિષેક આ બાબતે મૌન રાખ્યું છે, કારણ કે એના જીવનમાં હાલ એકસાથે બધું બહુ બની રહ્યું છે. તેને આ વિવાદમાંથી બિલકુલ દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.'' આ અફવાઓથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનના જીવન પર કેવી અસર પડી છે, તે અંગે વાત કરતા સૂત્રએ જણાવ્યું,''આ અફવા ક્યારે અને કઈ રીતે શરૂ થઈ? તમારે એ અંગે પણ વિચાર કરવો જોઈએ. અભિષેક એવો વ્યક્તિ નથી જે પોતાની પત્નિ સાથે છેતરપિંડી કરે. તેનો ઐશ્વર્યા સાથેનો સંબંધ હંમેશા વિશ્વાસપૂર્ણ રહ્યો છે. તો જ્યારે તેમના સંબંધ પર પ્રશ્નો ઊઠતા હોય અને તેઓ તોફાનનો સામનો કરી રહ્યા હોય ત્યારે એ સ્થિતિમાં તે સાથ છોડે?'' સૂત્રએ એમ પણ જણાવ્યું કે, બચ્ચન પરિવારના વડીલ અમિતાભ છે, તેઓ સત્યને બહાર પાડીને તેના પર કાયદાકીય પગલાં લેવાની તૈયારી કરી રહ્યા છે. સૂત્રએ જણાવ્યું,''થોડાં દિવસ પહેલાં તેમણે જયા બચ્ચનના માતાને મૃત જાહેર કરી દીધાં. પરિવાર કોઈ પ્રતિક્રિયા ન આપે તો એમના મૌનનો આપણે ગેરલાભ ન લેવો જોઈએ. તેઓ આ અફવાઓ અંગે ઘણા નારાજ છે અને આ શરૂ ક્યાંથી થયું તે શોધવાની કોશિશ કરી રહ્યાં છે. ત્યાર બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે.''






# અભિષેક-ઐશ્વર્યામાં વિવાદની અફવાથી બચ્ચન પરિવાર પરેશાન

**નિમરત કૌર સાથે અભિષેકનું નામ જોડાયા બાદ અફવા ફેલાવનારા તત્વોને કાયદેસરનો પાઠ ભણાવવા તૈયારી**

છેલ્લાં કેટલાંક સમયથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન વચ્ચેના ડિવોર્સની અફવાઓ અને ચર્ચાઓ ચાલે છે. ત્યાર બાદ આ અફવાઓને વધુ મોટું સ્વરુપ આપવા માટે અભિષેક બચ્ચન અને નિમ્રત કૌર વચ્ચેના અફેરની ચર્ચાઓ શરૂ થઈ. કેટલાંક લોકો નિમરતને અભિષેક અને ઐશ્વર્યાના સંબંધ તૂટવા માટે જવાબદાર પણ ઠેરવવા લાગ્યા અને કેટલાંકે અભિષેક પર છેતરપિંડીની આરોપ પણ લગાવ્યા. પરંતુ આ અંગે દંપતિ સહિત સમગ્ર બચ્ચન પરિવાર મૌન છે. કોઈએ ક્યારેય આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ત્યારે હવે પરિવાર સાથે સંકળાયેલાં સૂત્ર દ્વારા આ અંગે પ્રતિક્રિયા આપવામાં આવી છે. જેણે આ અફવાઓને ફગાવી દીધી છે અને આ અંગે નારાજગી પણ વ્યક્ત કરી છે. તેમણે આ અફવાઓને એક ખરાબ મજાક, દ્વેષપૂર્ણ અને બિલકુલ રદ્દી ગણાવી છે. બચ્ચન પરિવાર સાથે સંકળાયેલા એક સૂત્રએ ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું,''આ અફવાઓમાં સત્યને કોઈ સ્થાન જ નથી. અમને તો એ વાતે પ્રશ્ન થાય છે કે આ મુદ્દે નિમરતે કેમ હજુ સુધી કોઈ ઈનકાર કે રદિયો ન આપ્યો. અભિષેક આ બાબતે મૌન રાખ્યું છે, કારણ કે એના જીવનમાં હાલ એકસાથે બધું બહુ બની રહ્યું છે. તેને આ વિવાદમાંથી બિલકુલ દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.'' આ અફવાઓથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનના જીવન પર કેવી અસર પડી છે, તે અંગે વાત કરતા સૂત્રએ જણાવ્યું,''આ અફવા ક્યારે અને કઈ રીતે શરૂ થઈ? તમારે એ અંગે પણ વિચાર કરવો જોઈએ. અભિષેક એવો વ્યક્તિ નથી જે પોતાની પત્નિ સાથે છેતરપિંડી કરે. તેનો ઐશ્વર્યા સાથેનો સંબંધ હંમેશા વિશ્વાસપૂર્ણ રહ્યો છે. તો જ્યારે તેમના સંબંધ પર પ્રશ્નો ઊઠતા હોય અને તેઓ તોફાનનો સામનો કરી રહ્યા હોય ત્યારે એ સ્થિતિમાં તે સાથ છોડે?'' સૂત્રએ એમ પણ જણાવ્યું કે, બચ્ચન પરિવારના વડીલ અમિતાભ છે, તેઓ સત્યને બહાર પાડીને તેના પર કાયદાકીય પગલાં લેવાની તૈયારી કરી રહ્યા છે. સૂત્રએ જણાવ્યું,''થોડાં દિવસ પહેલાં તેમણે જયા બચ્ચનના માતાને મૃત જાહેર કરી દીધાં. પરિવાર કોઈ પ્રતિક્રિયા ન આપે તો એમના મૌનનો આપણે ગેરલાભ ન લેવો જોઈએ. તેઓ આ અફવાઓ અંગે ઘણા નારાજ છે અને આ શરૂ ક્યાંથી થયું તે શોધવાની કોશિશ કરી રહ્યાં છે. ત્યાર બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે.''



# રેલ્વે બોર્ડ દ્વારા અનપેક્ષિત બનાવ અટકાવવા માટે રેલ્વે અને આર.પી.એફ ઝોનલ અને મંડળીય કક્ષાની સંયુક્ત કમિટીની રચના

। અમદાવાદ, તા.૮ ।

અનપેક્ષિત ઘટનાઓ જેમ કે રેલવે ટ્રેક ક્રોસ કરવા, ચાલતી ટ્રેનમાંથી પડવું,પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાં પડવું વગેરેને રોકવા માટે રેલવે બોર્ડ દ્વારા ઝોનલ અને મંડળીય સ્તરે સંયુક્ત કમિટીઓની રચના કરવામાં આવી છે. આ કમિટી દર ક્વાર્ટરમાં આ ઘટનાઓનું વિશ્લેષણ કરે છે અને તેને રોકવા માટે જરૂરી પગલાં લે છે.

રેલવે બોર્ડ દ્વારા રચવામાં આવેલી ઝોનલ અને મંડળીય સ્તરે સંયુક્ત કમિટીઓ દ્વારા અનપેક્ષિત ઘટનાઓને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાંનો ઉદ્દેશ્ય મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપવાનો છે. આ પગલાંઓમાં જાગૃ કતા કાર્યક્રમો, અનાઉસમેન્ટ, બાઉન્ડ્રી વોલની સ્થાપના અને કડક કાનૂની કાર્યવાહીનો સમાવેશ થાય છે. તદુપરાંત, સમયાંતરે ઘટનાઓનું વિશ્લેષણ પગલાંનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવે છે. જેથી મુસાફરોની મુસાફરી સલામત અને કોઈપણ અવરોધ વિના થઈ શકે.

**અનપેક્ષિત ઘટનાઓનું વિશ્લેષણ અને નિવારણઃ**

રેલવે બોર્ડ દ્વારા રચવામાં આવેલી સંયુક્ત કમિટી દ્વારા દર ત્રિમાસિક ગાળામાં રેલવેના વિવિધ ઝોન અને મંડળોમાં બનતી અનપેક્ષિત ઘટનાઓનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવે છે. આના આધારે, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF), રાજકીય રેલ્વે પોલીસ (GRP) અને રેલ્વે પ્રશાસન મળીને આ ઘટનાઓને રોકવા માટે વિવિધ પગલાં અમલમાં મૂકે છે.

**અમદાવાદ મંડળ પર નોંધાયેલી ઘટનાઓના આંકડાઃ**

અમદાવાદ મંડળ પર ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન નોંધાયેલી ઘટનાઓની વિગતો નીચે મુજબ છે.

ટ્રેસ પાસિંગ (Trespassing): ૨૦૨૨ માં ૧૦૦ કેસ, ૨૦૨૩ માં ૧૧૨ કેસ અને ૨૦૨૪ ઓક્ટોબર સુધીમાં ૮૮ કેસ

ચાલતી ટ્રેનોમાંથી પડવું (Falling from Running Trains): ૨૦૨૨ માં ૧૪ કેસ, ૨૦૨૩ માં ૧૭ કેસ અને ૨૦૨૪ ઓક્ટોબર સુધીમાં ૨૧ કેસ

પ્લેટફોર્મ ગેપમાં પડવું (Falling in Platform Gaps): ૨૦૨૨ માં ૪ કેસ, ૨૦૨૩ માં ૧૨ કેસ અને ૨૦૨૪ ઓક્ટોબર સુધીમાં ૮ કેસ.

**રેલ્વે દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીઃ**

રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) આ ઘટનાઓને રોકવા માટે વિવિધ પગલાં લઈ રહી છે. આમાંની કેટલીક મુખ્ય કાર્યવાહી નીચે મુજબ છે.

અનાઉસમેન્ટઃ રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા સમય-સમય પર અનાઉસમેન્ટ માધ્યમથી જાગૃત કરવામાં આવે છે. આ સમય દરમિયાન, મુસાફરોને ટ્રેક પસાર કરવા થી બચવું, ચાલતી ટ્રેનમાં ન ચઢવું અને પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના અંતરને ટાળવા માટે જાણ કરવામાં આવે છે. આ અનાઉસમેન્ટ રેલ્વે સ્ટેશનો અને ટ્રેનોમાં કરવામાં આવે છે જેથી મુસાફરો સતર્ક રહે અને કોઈપણ અપ્રિય ઘટનાને ટાળી શકે.

જાગૃકતા કાર્યક્રમઃ રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા તે સ્ટેશનો અને વિભાગો ને ચિહ્નિત કરવામાં આવે છે જ્યાં ઘટનાઓ થવાની શક્યતા વધુ હોય છે આ વિસ્તારોમાં જાગૃકતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં મુસાફરોને ટ્રેક ઓળંગવાના જોખમો વિશે માહિતગાર કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં વિવિધ પ્રકારના પોસ્ટરો, હોર્ડિંગ્સ અને અન્ય પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે જેથી મુસાફરો રેલ્વેના ટ્રેક થી દૂર રહે અને તેમની સલામતી સુનિશ્ચિત કરી શકે. બાઉન્ડ્રી વોલઃ અકસ્માત સંભવિત વિસ્તારોમાં બાઉન્ડ્રી વોલ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેથી લોકો વિચાર્યા વગર રેલવે ટ્રેક ક્રોસ ન કરે. બાઉન્ડ્રી વોલની સ્થાપ ના થી ન માત્ર મુસાફરોને ટ્રેક ઓળંગતા અટકાવે છે, પરંતુ તે અકસ્માતોનું જોખમ પણ ઘટાડે છે.

રેલ્વે કાયદા હેઠળ કાર્યવાહીઃ રેલ્વે આવા અકસ્માતોને રોકવા માટે કાયદાનો અમલ પણ કરાવવામાં છે. રેલ્વે અધિનિયમ ૧૪૭ હેઠળ, ટ્રેક ઓળંગવા બદલ દંડ અને કાનૂની કાર્યવાહીની જોગવાઈ છે. આ સિવાય રેલવે એક્ટ ૧૫૬ હેઠળ ટ્રેનના પાયદાન પર બેસીને મુસાફરી કરવા પર દંડની જોગવાઈ છે. આ કાયદા પ્રવાસીઓને સલામતી તરફ પ્રેરિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત આજની બેઠક દરમિયાન સીસીટીવી, એલાર્મ સિસ્ટમ અને વિવિધ સ્થળોએ ચેતવણીના બોર્ડ લગાવવા માટે સૂચનો આપવામાં આવી છે.

# જલ ઉત્સવ અભિયાન અંતર્ગત આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે "જલ ઉત્સવ સંકલ્પ" સામુહિક શપથ લીધા




। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદી સહિત અધિક કલેકટર શ્રી સી.કે. ઉંધાડ અને જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ શપથમાં જોડાયા - જલ ઉત્સવ અભિયાન અંતર્ગત આજરોજ જિલ્લા કલેકટર કચેરી ખાતે "જલ ઉત્સવ સંકલ્પ" જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદી સહિત અધિક કલેકટર શ્રી સી.કે. ઉંધાડ અને નર્મદા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓએ સામુહિક શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના વિવિધિ વિભાગોના અધિકારીઓ-કર્મચારીશ્રીઓએ પ્રતિજ્ઞા લીધી કે, એક જવાબદાર નાગરિક બની હું વિવેકપૂર્ણ આચરણ અપનાવવા માટે શપથ લઉં છું જે પાણીના ન્યાયપૂર્ણ ઉપયોગ તરફ દોરી જાય અને આપણા સમાજ માટે મૂલ્યવાન સંપત્તિ એવા આપણા જળ સંસાધનોનું રક્ષણ કરવા માટે જળ સંરક્ષણ તકનીકોને અનુકૂલિત કરૂ છું.

# ડાંગ જિલ્લાના આદિમ જૂથોના પરીવારોને પીએમ જનમન યોજના હેઠળ પાયાકિય સુવિધાઓ અપાઇ





। (માહિતી) ડાંગ, તા.૮ ।

જનજાગૃતિની પ્રવૃત્તિઓ થકી આદિમજૂથના અંતિમ વ્યક્તિ સુધી પહોંચવાના વહીવટી તંત્રના પ્રયાસો : - ભારત સરકાર દ્વારા આદિમ જૂથ સમુદાય (ફ્ઁ) ના લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભો આપી વિકાસની મુખ્યધારામાં લાવવા માટે ૨૩ ઓગષ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી બીજા તબકાનોઁ સ્ન્નછદ્રસ્છદ્ર મહા અભિયાનનો પ્રારંભ કરાયો હતો. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિમજૂથની વસ્તી ધરાવતા ગામોમાં તમામ કુટુંબોને આવરી લઈ ૧૧ જેટલી સુવિધાઓ પુરી પાડવા માટે અંદાજીત રૂપિયા ૨૪ હજાર કરોડ જેટલા અંદાજીત ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી દ્વારા 'પીએમ જનમન અભિયાન' હેઠળ આદિમજૂથના તમામ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરી, વિકાસની મુખ્ય ધારામા લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. ત્યારે 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત, ડાંગ જિલ્લાના આદિમજુથના કુટુંબોને પ્રાથમિક અને મૂળભુત સુવિધાઓ સહિત કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરીને, સમાજની મુખ્ય ધારામાં પ્રસ્થાપિત કરવાના ધ્યેયમંત્ર સાથે, કેન્દ્ર અને રાજ્ય સરકારે કમર કસી છે. 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લામાં આવેલ આદિમજૂથના પરીવારોને પાયાકીય સુવિધાઓનો લાભ આપવામાં આવી રહ્યો છે. ડાંગ જિલ્લાના આહવા ગામના રહેવાસી શ્રીમતી નિલાબેન જીગ્નેશ પવાર જણાવે છે કે, 'પીએમ જનમન' અભિયાન હેઠળ તેઓને ઉજ્જવલા યોજનાનો લાભ મળવા પામ્યો છે. પહલાં તેઓને લાકડાં લેવા માટે જંગલ જવુ પડતુ હતું. જંગલમાં તેઓને પ્રાણીઓના ભય રહેતો તેમજ લાકડાંના ધુમાડાથી તેઓને શ્વાસ લેવામાં પણ તકલીફ થતી. પરંતુ તંત્ર દ્વારા યોજવામાં આવેલ 'પીએમ જનમન' કેમ્પમાં તેઓને ઉજજવલા યોજનાનો લાભ મળ્યો જે અંતર્ગત તેઓને ગેસ કનેક્શન મળ્યું જેની ખુશી વ્યક્ત કરતાં તેઓએ જણાવ્યું હતુ કે હવે તેઓને ધુમાડાથી છુટકારો મળ્યો અને જંગલમાં જવુ નથી પડતુ જે બદલ તેઓએ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેવી જ રીતે શ્રી જીગ્નેશ પવારને પણ આ કેમ્પ દ્વારા રેશન કાર્ડનો લાભ આપવામાં આવ્યો હતો. હવે તેઓને મફત રાશનનો લાભ મળી રહ્યો છે. આ જ ગામના અન્ય લાભાર્થી સુ.શ્રી રૂથલાબેન સાવળેને પણ 'પીએમ જનમન' અભિયાન હેઠળ જાતીનો દાખલો પ્રાપ્ત થયો હતો. તેઓએ પણ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના આદિમ જૂથોના પરીવારોને 'પીએમ જનમન' ફેઝ – ૨ અભિયાન હેઠળ વિવિધ યોજનાઓના લાભો આપવામાં આવેલ છે. જેમાં કુલ બાવન લાભાર્થીઓને આવાસ, તેમજ વિજ કનેક્શનનો લાભ આપવામાં આવ્યો છે.

# ચાલુ વર્ષે ડાંગ જિલ્લાના ૪ હજાર ૫૪૨ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી માહિતગાર કરાયા



। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

કુદરતી સંપદા સાથેની પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે જાણો - ગુજરાતનો પ્રાકૃતિક સૌંદર્ય અને નૈસર્ગિક વનસંપાદાનો ભંડાર એટલે ડાંગ જિલ્લો. અહી સાગ, સાદડ, સિસમ, અને વાંસના ગાઢ જંગલોની સાથે, અહીંના મુખ્ય પાકો એવા ડાંગર, રાગી, વરઈ, અડદ, તુવેર, ખરસાણી, મગફળી વિગેરેનું વાવેતર કરવામાં આવે છે. મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતા આ ડુંગરાળ વિસ્તારમાં, ખુબ જ ઓછા રાસાયણિક ખાતરો, અને જંતુનાશક દવાઓનો વપરાશ થતો આવ્યો છે. જેથી આ વિસ્તારમાં ઘણી બધી ખેત પેદાશો, પ્રાકૃતિક રીતે જ ઉત્પન્ન થાય છે. આમ, આ વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવો ખુબ જ સરળ, અને સહજ છે. જે ધ્યાને લેતા અહીંના જે મર્યાદિત ખેડૂતો, રાસાયણિક ખેતી કરી રહ્યા છે તેમને, પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં વાળવા માટે, અને પ્રથમ તબક્કે થોડું ઘણું પ્રોત્સાહન આ જિલ્લાને આપવા માટે 'સંપુર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લો' અભિયાન અંતર્ગત, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે નાણાકીય સહાય આપવાની, તથા ઉપજોનું સર્ટીફિકેશન અને વેચાણ વ્યવસ્થા સબળ બને તે માટે, આર્થિક સહાય માટે રૂ. ૩૧૫૧.૦૦ લાખની યોજનાને, સરકારશ્રીએ 'નવી બાબત' તરીકે વહીવટી મંજુરી આપી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ડાંગ જિલ્લાને સંપુર્ણ રસાયણમુક્ત જિલ્લો બનાવવા માટે રાજ્ય સરકારે "સંપુર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લો' અભિયાન અંતર્ગત, 'પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને નાણાકીય સહાય' નામની યોજના, માત્ર ડાંગ જિલ્લા માટે શરૂ કરી છે. જે અંતર્ગત જિલ્લાના તમામ ખેડુતોને, આ યોજનાની જાણકારી આપવા અને તેઓ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે, જિલ્લાની તે વખતની તમામ ૭૦ ગ્રામ પંચાયતોમાં તારીખ ૧લી મે ૨૦૨૩ પછી કુલ ૪૨૩ તાલીમોથી જિલ્લાના કુલ ૧૫ હજાર ૭૭૭ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી માહિતગાર કરવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન જિલ્લાની તમામ ૧૦૦ ગ્રામ પંચાયતોમાં (૨૦ ક્લસ્ટર) તારીખ ૧લી જૂન ૨૦૨૪ પછી કુલ ૧૭૧ તાલીમોથી જિલ્લાના ૪ હજાર ૫૪૨ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી માહિતગાર કરવામાં આવ્યા છે. પ્રાકૃતિક ખેતીનું મહત્વ પ્રકૃતિના મૂળભુત સિધ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબર અને ગોમૂત્ર થકી ઓછા ખર્ચે ખેતી એ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ગણાય છે. પાકની વૃદ્ધિ માટે જરુરી ઈનપુટ અને ખેત સામગ્રી બહારથી ન લેતાં પ્રાકૃતિક સામગ્રી ઘરે જાતે જ બનાવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. જેમાં નહીવત ઉત્પાદન ખર્ચ આવે છે અને બજારમાં વધારે ભાવ મળે છે. તેમજ પાણીની બચત થાય છે. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે. તમારા ગામ અને દેશમાં સ્વાવલંબનનું નિર્માણ કરી શકાય છે. જે આપણા મહાન સ્વતંત્ર સેનાની અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આત્મનિર્ભર ભારતના વિચારોને આગળ વધારે છે. પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ છે. જેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક દવાઓ. આનો યોગ્ય અને વ્યવસ્થિત, સંકલિત ઉપયોગ પર્યાવરણને બચાવવા માટે ઉપયોગી નીવડશે. ખેતીની જમીનોમાં ઓર્ગેનીક કાર્બન, નાઈટ્રોજન, ઝીંક, સલ્ફર વગેરે પોષકતત્વોની મોટી ઊણપ હોવાથી કોઈપણ પ્રકારની ખેતી પ્રવૃતિમાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી તૈયાર કરેલ ઘન જીવામૃતનો ઉપયોગ કરવો. જેથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા, પોષકતત્વોની ઉપલબ્ધિ વધે છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવવા માટે સૌ પ્રથમ ખેડુતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ બંધ કરવો જોઈએ અને દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલ જીવામૃત કે ઘન જીવામૃત ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવું જોઈએ અને પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ મુજબ સંપુર્ણ ખેતી કરવાથી લાંબા ગાળે સારા પરિણામો મળે છે.

# ઝાલોદ નગરના વણકતલાઇ હનુમાનજી મંદિરે જલારામ બાપાનો ૨૨૫મો જન્મોત્સવ ઉજવાયો

## જલારામ બાપાના મંદિરે ૨૨૫ દિવડાની મહાઆરતી, ભવ્ય ભજન સંધ્યા અને મહાપ્રસાદનું આયોજન કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

જલારામ બાપાનો જન્મ વિરપુર મુકામે ૦૪-૧૧-૧૭૯૯ ના રોજ થયો હતો અને તેમણે સમાધિ ૨૩-૧૧-૧૮૮૧ ના રોજ લીધી હતી તે સમયે તેમની ઉમર ૮૧ વર્ષની હતી. જલારામ બાપા ગુજરાતમાં થઈ ગયેલ હિન્દુ સંતો પૈકીના એક છે તેથી તેમને સંત જલારામ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓએ પોતાનું જીવન સાધુ સંતોની સેવામાં સમર્પિત કરેલ હતું. તેઓને ૧૮ વર્ષની ઉંમરે તેમના ગુરુ ભોજા ભગતે ગુરુ મંત્રમાં એક માળા અને શ્રી રામનું નામ આપ્યું હતું. જલારામ બાપાએ વિરપુરમાં આવતા જતા રાહગીરો અને સંતોની સેવા કાજે ભોજન કરાવવાની અલખ જગાવી હતી તે સદાવ્રત આજેય વિરપુર મુકામે ચાલતું જ રહે છે. જલારામ બાપાના વિવિધ પરચાને લઈ જલારામ બાપાના લાખો ભક્તો આ ચમત્કારિક ભૂમિના દર્શન કરવા વિરપુર અચૂક આવતા હોય છે.

ઝાલોદ નગરના વણકતળાઈ હનુમાનજીના પ્રાંગણમાં આવેલ જલારામ મંદિરે જલારામ બાપાનો ૨૨૫ મો જન્મોત્સવ આજરોજ ૦૮-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ધામધૂમથી ઉજવાયો. સવારથી જ મંદિરના પ્રાંગણમાં જલારામ બાપાના ભક્તો મંદિરે બાપાના દર્શન કરવા મંદિરે ઉમટી પડેલ હતા. જલારામ બાપાના જન્મોત્સવ પ્રસંગે આખા મંદિરને રોશની થી સજાવવામાં આવ્યું હતું.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

વણકતલાઈ મંદિર સમિતિ દ્વારા જલારામ બાપાના ૨૨૫માં જન્મોત્સવ નિમિત્તે ૨૨૫ દીવડાની મહાઆરતી કરી હતી તેમજ જલારામ બાપાના ભક્તો દ્વારા ભવ્ય ભજન સંધ્યાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જલારામ બાપાના જન્મોત્સવ નિમિત્તે મંદિરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપ્રસાદમાં કઢી ખીચડી અને બુંદી ગાંઠિયાનો પ્રસાદ પણ લોકોને આપવામાં આવ્યો હતો. આ મહાપ્રસાદનો લાભ નગરમાં રહેતા જલારામ ભક્તોએ મોટા પ્રમાણમાં લીધો હતો.

# ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારમાં ધોળે દિવસે દુકાન આગળ પાર્ક કરેલી એક્ટિવા ચોરાઈ

## દુકાન આગળ પાર્ક કરેલ એક્ટિવાની ચોરી કરતા ચોર સી.સી.ટી.વી ફુટેજમા જોવા મળ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરમાં બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સુંદરમ હોસ્પિટલની સામે પટેલ કિરણા સ્ટોરના સંચાલક ધ્રુવ પટેલ સવારના સમયમાં મુવાડા થી પોતાની પત્નીને સવારે નવ વાગ્યે બેસાડી નોકરીએ મુકવા જઈ રહેલ હતા.

મુવાડા થી તેમની પત્નીને આશીષ લેબોરેટરી પર જતા સમયે રસ્તામાં તેમની દુકાન આવતા ત્યાં દુકાનની આગળ પોતાની એક્ટિવા ઉભી રાખી હતી અને ધ્રુવ પટેલ દુકાનમાં કામકાજ માટે રોકાઈ ગયેલ હતાં...તેમની પત્ની પતિને દુકાનના કામમાં વ્યસ્ત હોવાનુ જોતા તેઓ દુકાને થી ચાલતા પોતાની નોકરીના સ્થળે ચાલ્યા ગયા હતા. થોડીવાર પછી ધ્રુવ પટેલને પોતાની દુકાન આગળ એક્ટિવા ઉભી રહેલ ન જણાતા તેઓએ આજુબાજુ ફરી એક્ટિવાની તપાસ કરી પણ તેમને એક્ટિવા મળેલ હતી નહીં. જેથી ધ્રુવ પટેલે પત્નીને સાથે રાખી એક્ટિવા GJ-20-BH-5569 ચોરાઈ જવાની ફરિયાદ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

ધ્રુવ પટેલને એક્ટિવા પોતાની દુકાન આગળ ન જોવાતા તેઓએ સી.સી.ટી.વી કેમેરા જોયા હતા તેમાં દુકાનની આગળ પાર્ક કરેલ એક્ટીવા અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ જતા જોવા મળેલ હતો. સી.સી.ટી.વી કેમેરામા અજાણ્યા ઈસમનો ચહેરો બરાબર જોવા મળેલ ન હતો જેથી પોલિસ દ્વારા નગરના બીજા સી.સી.ટી.વી કેમેરા જોઈ ચોરને પકડી પાડવા પ્રયત્નો હાથ ધરેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્દઢતા બક્ષશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે.

## મુસ્લિમ પુરુષનાં બીજાં લગ્ન એ પહેલી પત્ની સાથે ક્રૂરતા સમાન

। (એજન્સી) ચેન્નાઈ, તા.૮ ।

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં એક મુસ્લિમ પુરુષના બીજા લગ્નને તેની પહેલી પત્ની પ્રત્યેની ક્રૂરતા ગણાવીને તેને રૂ. ૫ લાખનું વળતર ચૂકવવાના આદેશને યથાવત રાખ્યો હતો. જસ્ટિસ જી.આર. સ્વામીનાથને કહ્યું હતું કે બીજા લગ્નને કારણે પ્રથમ પત્નીને માનસિક તણાવ અને પીડાનો સામનો કરવો પડે છે, જે ક્રૂરતાના દાયરામાં આવે છે. તેથી, નીચલી અદાલતોએ ૫ લાખનો દંડ ફટકાર્યો છે જે યોગ્ય છે.૨૦૨૧ માં, મેજિસ્ટ્રેટે પતિને ઘરેલું હિંસા માટે ૫ લાખ રૂપિયા વળતર અને સગીર બાળકના ભરણપોષણ માટે ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. પતિએ આ નિર્ણય સામે એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, તિરુનેલવેલી સમક્ષ અપીલ કરી હતી, પરંતુ તેને ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ તેણે આ આદેશને મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. પતિએ પોતાના બચાવમાં દલીલ કરી હતી કે પ્રથમ પત્ની મેડિકલ ડોક્ટર છે અને તેને કોઈપણ પ્રકારની ઘરેલુ હિંસાનો સામનો કરવો પડ્યો નથી. તેણે દાવો કર્યો હતો કે તેના પ્રથમ લગ્ન છૂટાછેડા દ્વારા સમાપ્ત થઈ ગયા હતા, અને તમિલનાડુ તૌહીદ જમાતની શરિયા કાઉન્સિલે છૂટાછેડાનું પ્રમાણપત્ર ઈશ્યુ કર્યું હતું. જો કે કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે પતિએ તેના પ્રથમ લગ્નના અંતનો કોઈ ન્યાયિક પુરાવો રજૂ કર્યો નથી. કોર્ટે જણાવ્યું હતું કે તેમની પ્રથમ પત્ની સાથેના તેમના લગ્ન હજુ પણ કાયદેસર રીતે માન્ય છે. કોર્ટે એ પણ સ્વીકાર્યું કે મુસ્લિમ પુરુષને બીજી વાર લગ્ન કરવાનો અધિકાર છે, પરંતુ તે તેની પ્રથમ પત્ની માટે ભરણપોષણનો અધિકાર જાળવી રાખે છે. કોર્ટે કહ્યું હતું કે મુસ્લિમ પત્ની તેના પતિને ફરીથી લગ્ન કરવાથી રોકી શકે નહીં.

### એલોન મસ્કે કરી આગાહી

## જસ્ટિન ટ્રુડો આગામી ચૂંટણીમાં હારી જશે

### ‘સોશિયલ ડેમોક્રેટ્સ’ અને ‘ગ્રીન’ પાર્ટી આવતા વર્ષની શરૂઆતમાં લઘુમતી સરકારમાં રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેનેડામાં ડિસેમ્બર ૨૦૨૫ પહેલા ચૂંટણી યોજાવાની છે અને હાલમાં ટ્રુડો પોતાની લીબરલ પાર્ટીમાં વિરોધનો સામનો કરી રહ્યા છે.કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વિશે અબજોપતિ એલોન મસ્કએ મોટી ભવિષ્યવાણી કરી છે. મસ્કનો દાવો છે કે ટ્રુડો આગામી ચૂંટણીમાં હારી જશે. હાલમાં જ અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. ટ્રમ્પના પ્રચારમાં મસ્કની પણ મોટી ભૂમિકા હતી. ટ્રમ્પે પણ પોતાના ભાષણમાં ટેસ્લા ચીફનો ઘણી વખત ઉલ્લેખ કર્યો



હતો.આ પણ વાંચો : ભારતીય દૂતાવાસને સુરક્ષા આપવાનો ઈનકાર, જસ્ટિન ટ્રુડો સરકારની અવળચંડાઈ! હાલમાં જ એક યુઝરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં મસ્કને ટેગ કર્યો છે. તેણે લખ્યું, ‘એલોન મસ્ક અમને ટ્રુડોથી છૂટકારો મેળવવા માટે તમારી મદદની જરૂર છે.’ આના પર મસ્કે જવાબ આપ્યો, ‘તે આગામી ચૂંટણીમાં હારી જશે.’ ખાસ વાત એ છે કે કેનેડામાં ડિસેમ્બર ૨૦૨૫ પહેલા ચૂંટણી યોજાવાની છે અને હાલમાં ટ્રુડો પોતાની લીબરલ પાર્ટીમાં વિરોધનો સામનો કરી રહ્યા છે. આ અગાઉ, ત્રણ પક્ષીય જોડાણ તૂટ્યા બાદ મસ્કે જર્મન ચાન્સેલર ઓલાફ શુલ્ટ્ઝને ‘મૂર્ખ’ ગણાવ્યા હતા. વ્યાપાર તરફી પક્ષ ‘ફ્રી ડેમોક્રેટ્સ’ના ક્રિશ્ચિયન લિંડનરને નાણામંત્રી પદેથી હટાવ્યા બાદ જર્મનીની ગઠબંધન સરકાર જોખમમાં છે. ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે ગુરુવારે જણાવ્યું હતું કે તેઓ લઘુમતી સરકાર સાથે દેશનું નેતૃત્વ કરશે, જો કે વિપક્ષી નેતાઓએ વહેલી ચૂંટણીની હાકલ કરી છે.

### પીએમની પ્રથમ જાહેરસભા આજે ધુળેમાં યોજાશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રમાં એક અઠવાડિયામાં ૯ ચૂંટણીસભા સંબોધશે

### રાહુલ ગાંધી ૧૨, ૧૪ અને ૧૬ નવેમ્બરે પોતાનું ચૂંટણી અભિયાન ચલાવશે, જ્યારે પ્રિયંકા ગાંધી ૧૩, ૧૬ અને ૧૭મી નવેમ્બરે ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે



। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવી દીધું છે. આ દરમિયાન વડાપ્રધાન મોદી મહારાષ્ટ્રમાં એક સપ્તાહમાં કુલ ૯ જાહેરસભા સંબોધિત કરશે, અને તેમની પ્રથમ જાહેરસભા ૮મી નવેમ્બરને શુક્રવારે ધુલેમાં યોજાશે, તેમ મહારાષ્ટ્ર પ્રદેશ ભાજપે સત્તાવાર રીતે જણાવ્યું છે. વડાપ્રધાન ૧૨મી નવેમ્બરે પૂણેમાં એક રોડ શો યોજશે. મોદીની પ્રથમ રેલી શુક્રવારે બપોરે ૧૨ કલાકે ધુલેમાં યોજાશે. ત્યાર પછી બપોરે ૨ કલાકે નાસિકમાં એક જાહેરસભા સંબોધિત કરશે. ૯મી નવેમ્બરે બપોરે ૧૨ કલાકે અકોલામાં અને બપોરે ૨ કલાકે નાંદેડમાં પ્રચાર કરશે. તેઓ ચિમૂર(ચંદ્રપુર જિલ્લા) માં અને સોલાપુરમાં રેલીઓ સંબોધિત કરશે, અને આ જ દિવસે સાંજે પૂણેમાં એક રોડ શો યોજશે. ત્યાર પછી પીએમ મોદી ૧૪મી નવેમ્બરે છત્રપતિ સંભાજીનગર, રાયગઢ અને મુંબઈમાં રેલીઓ સંબોધિત કરશે.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા આગામી સપ્તાહમાં મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી માટે ચૂંટણી પ્રચાર કરશે, તેમ એઆઈસીસીના મહામંત્રી રમેશ ચેન્નિથલાએ જણાવ્યું છે. આ પ્રચાર અભિયાનમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ જોડાશે. ખડગે ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૧૮મી નવેમ્બરે રાજ્યભરમાં રેલીઓની શૃંખલાની સાથે પાંચ દિવસની ચૂંટણી યાત્રા કરશે. રાહુલ ગાંધી ૧૨, ૧૪ અને ૧૬ નવેમ્બરે પોતાનું ચૂંટણી અભિયાન ચલાવશે. જ્યારે પ્રિયંકા ગાંધી ૧૩, ૧૬ અને ૧૭મી નવેમ્બરે ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. આ સાથે રમેશ ચેન્નિથલાએ જણાવ્યું કે, મહારાષ્ટ્ર પ્રદેશ અભિયાન સમિતિના અધ્યક્ષ ચંદ્રકાંત હંડોરે અને પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ નાના ગાવંડે સાથે વિસ્તૃત બેઠક પછી ખડગે અને એમવીએ ગઠબંધનના અન્ય ઉચ્ચ નેતાઓની ઉપસ્થિતિમાં ૧૦મી નવેમ્બરે એમવીએ મહાગઠબંધનનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવશે.

### બંને ઈ-કોમર્સ કંપનીઓ પર FDIના નિયમોના ઉલ્લંઘનનો આક્ષેપ

## એમેઝોન, ફ્લિપકાર્ટના પ્રીફર્ડ વેન્ડર્સ પર ઈડીના દરોડા

### સીએઆઈટી સહિતની અન્ય વેપારી સંસ્થાઓ દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી આ મામલે રજૂઆત કરાઈ રહી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વિદેશી સીધાં રોકાણના નિયમોના ઉલ્લંઘનના મામલાની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એમેઝોન તથા ફ્લિપકાર્ટ સહિતની અગ્રણી ઈ-કોમર્સ કંપનીઓ પર કામ કરતાં પ્રીફર્ડ વેન્ડર્સના વિવિધ શહેરોમાં આવેલા સ્થળોએ સર્ચ કાર્યવાહી હાથ ધરી હતી. દિલ્હી, ગુરુગ્રામ, પંચકુલા, હૈદરાબાદ અને બેંગાલુરુ સહિતના શહેરોમાં કુલ ૧૯ સ્થળોએ કરાયેલી સર્ચની કામગીરી દરમિયાન ઈડીએ વિવિધ દસ્તાવેજોની નકલો જપ્ત કરી હતી. આ અંગે માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને ઈ-કોમર્સ જાયન્ટ્સ પર માલ-સામાન અને સેવાઓની વેચાણ કિંમતોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત કરી ભારતના સીધાં વિદેશી રોકાણ (એફડીઆઈ)ના નિયમોનું ઉલ્લંઘન કરવાનો અથવા તમામ વેન્ડર્સને સમાન તક નહીં આપતા હોવાના આક્ષેપો કરાયા છે. સીએઆઈટી સહિતની અન્ય વેપારી સંસ્થાઓ દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી આ મામલે રજૂઆત કરાઈ રહી હતી, બંને ઈ-કોમર્સ કંપનીઓએ આ મામલે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા




ટ્રેડર્સ (સીએઆઈટી)એ ઈડીની કાર્યવાહીને આવકારી હતી. સીએઆઈટીના મહાસચિવ અને દિલ્હીના ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, સીએઆઈટી સહિતની અન્ય વેપારી સંસ્થાઓ દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી આ મામલે રજૂઆત કરાઈ રહી હતી. અમે ઈડીની આ કાર્યવાહીનું સ્વાગત કરીએ છીએ.

## ભારતીય દૂતાવાસને સુરક્ષા આપવાનો સાફ ઈનકાર કર્યો

। (એજન્સી) ઓટાવા, તા.૮ ।

કેનેડાએ ભારતના વાણિજ્ય દૂતાવાસને સુરક્ષા આપવાનો ઈનકાર કર્યો છે. ત્યારબાદ ટોરોન્ટોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે કેટલાક અગાઉ નિર્ધારિત દૂતાવાસ કેમ્પને રદ કરવાની જાહેરાત કરી હતી. દૂતાવાસે જણાવ્યું હતું કે, ‘કેનેડિયન સુરક્ષા અધિકારીઓએ લઘુત્તમ સુરક્ષા પ્રદાન કરવામાં અસમર્થતા દર્શાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.’કેનેડાના બ્રેમ્પટનમાં હિન્દુ મંદિરની બહાર ભારત વિરોધી ઉગ્રવાદીઓએ હિંસા ફેલાવી હતી. જ્યાં વાણિજ્ય દૂતાવાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉગ્રવાદીઓએ મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પર હુમલો કર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ સમગ્ર મામલે આકરી પ્રતિક્રિયા આપી હતી અને કેનેડા સમક્ષ ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાનો અને તમામ મંદિરોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો મુદ્દો ઊઠાવ્યો હતો.ઓટાવામાં ભારતના હાઈ કમિશન અને વાનકુવર અને ટોરોન્ટોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે જીવન પ્રમાણપત્રના લાભાર્થીઓના લાભ અને સુવિધા માટે દૂતાવાસ કેમ્પનું આયોજન કર્યું હતું. કેનેડાની હાલની સુરક્ષા ચિંતાઓના આધારે, કેનેડિયન સત્તાવાળાઓને દૂતાવાસ કેમ્પની આસપાસ મજબૂત સુરક્ષા પ્રદાન કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

### લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી

## મારો વિરોધ બિઝનેસ સામે નહીં, ઈજારાશાહી સામે છેઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, “હું વ્યાપાર વિરોધી નથી, જેવી રીતે ભાજપ કહી રહ્યું છે, પરંતુ હું ઈજારાશાહીની વિરુદ્ધમાં છું.” આ ટિપ્પણી એક જાણીતા અખબારમાં લખેલા એક લેખના એક દિવસ પછી આવી છે, જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, “મૂળ ઈસ્ટ ઈન્ડિયા કંપની ૧૫૦ વર્ષ પહેલા ખતમ થઈ ગઈ હતી, પરંતુ ત્યાર પછી પેદા થયેલો ડર પરત આવી ગયો છે, કારણ કે ઈજારાશાહીની એક નવી જાતે તેનું(ઈસ્ટ ઈન્ડિયા કંપની) સ્થાન



લઈ લીધું છે.” જોકે, રાહુલ ગાંધી ભારપૂર્વક કહ્યું હતું કે, “પ્રગતિશીલ ભારતીય વ્યાપાર માટે નવો કરાર એક એવો વિચાર છે, જેનો હવે સમય આવી ગયો છે.” સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયોમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, “હું એક વાત બિલકુલ સ્પષ્ટ કરવા ઈચ્છું છું, મને ભાજપમાં મારા વિરોધીઓ દ્વારા વ્યાપાર વિરોધી હોવા તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હું વ્યાપાર વિરોધી બિલકુલ નથી, હું ઈજારાશાહી (મોનોપોલી)ની વિરુદ્ધમાં છું. હું એક, બે કે પાંચ લોકો દ્વારા વ્યાપાર પર વર્ચસ્વ જમાવવાના વિરોધમાં છું.” આ સાથે રાહુલ ગાંધીએ કહ્યું કે, “હું નોકરીઓનો સમર્થક છું, વ્યાપારનો સમર્થક છું, સંશોધનનો સમર્થક છું, હરિફાઈનો સમર્થક છું. હું ફક્ત ઈજારાશાહીનો વિરોધી છું. આપણી અર્થવ્યવસ્થા ત્યારે જ મજબૂત બનશે, જ્યારે તમામ વ્યાવસાયો માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ સ્થાન હશે.”

## પુરૂષ દરજી મહિલાના કપડાનું માપ ન લઈ શકે તેવો પ્રસ્તાવ

### ૨૮ ઓક્ટોબરે લખનૌમાં મળેલી બેઠકમાં મહિલા આયોગના આ સૂચનોની ચર્ચા કરવામાં આવી હતી

। (એજન્સી) લખનૌ, તા.૮ ।

ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા આયોગે જાહેર સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકાનો પ્રસ્તાવ મૂક્યો છે. કમિશન પુરૂષ દરજીઓને મહિલાઓનું માપ લેતા અટકાવવા પણ વિચારી રહ્યું છે. યુપી પેનલે પ્રસ્તાવ મૂક્યો છે કે કોઈ પણ પુરુષ દરજી મહિલાઓનું માપ લઈ શકે નહીં. આ સાથે મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા આયોગે કહ્યું કે જીમ અને યોગ કેન્દ્રોમાં મહિલા ટ્રેનર હોવી જોઈએ. જીમ અને યોગ કેન્દ્રોમાં ડીવીઆર સહિતના સીસીટીવી કેમેરા ફરજિયાત બનાવવા જોઈએ. સ્કૂલ બસમાં મહિલા સુરક્ષા ગાર્ડ અથવા મહિલા શિક્ષિકા હોવી જોઈએ. ૨૮ ઓક્ટોબરે લખનૌમાં મળેલી બેઠકમાં મહિલા આયોગના આ સૂચનોની ચર્ચા કરવામાં આવી હતી. મહિલા આયોગના સભ્યોએ મહિલાઓની સુરક્ષા અંગે વિચાર મંથન કર્યુ હતું. મહિલા આયોગે મહિલાઓની સુરક્ષા અને તેમના અધિકારોની સુરક્ષા માટે કેટલાક નિર્ણયો લીધા છે. જો કે, અમલીકરણ કરવું પડશે. આ દરખાસ્તોની શક્યતા અંગે નિર્ણય લેવાનો બાકી છે. એકવાર મંજૂર થયા પછી, આ દરખાસ્તો જમીન સ્તરે અમલીકરણ માટે નીતિનો મુસદ્દો તૈયાર કરવા માટે સરકારને સબમિટ કરવામાં આવશે.

# વિશેષ

### ૮,૩૨૦ બસ, ૪૨,૦૮૩ ટ્રીપ, ૩૪ લાખ બાવન હજાર કિલોમીટરનો પ્રવાસ

## ૧૮.૨૧ લાખ ગ્રામીણ મુસાફરો, ૪૬ હજાર શહેરી મુસાફરો અને ૮.૩૦ લાખ વિદ્યાર્થીઓ- કુલ ૨૭.૧૮ લાખ નાગરિકો એસ.ટી. બસિસમાં મુસાફરી કરે છે

। (માહિતી) અમદાવાદ ।

મલ્ટીમોડ ટ્રાન્સપોર્ટેશનના વર્તમાન યુગમાં જાહેર પરિવહનમાં અનેક આયામો ઉમેરાયા છે. ગુજરાત સરકારના સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને બદલાતા સમય સાથે કદમ મિલાવીને જાહેર પરિવહન સેવામાં ટેકનોલોજીનો વિનિયોગ તો કર્યો જ છે, સાથે-સાથે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને સલામત અને આરામદાયક અને એફોર્ડેબલ મુસાફરીનો આનંદ આપ્યો છે, તેમજ છેવાડાના માનવી સુધી પોતાની પરિવહન સેવા વિસ્તારી પણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એસ.ટી. નિગમે નાગરિકોને ‘ગ્રીન એન્ડ ક્લીન ટ્રાન્સપોર્ટેશન ફેસીલીટી’ આપવાનો રાહ અપનાવ્યો છે. GSRTC બસિસ એ ગુજરાતના જાહેર પરિવહનની જીવાદોરી છે તે આંકડાઓથી પુરવાર થાય છે. એસ.ટી.નિગમની કુલ ૮,૩૨૦ બસ દરરોજ ૪૨,૦૮૩ જેટલી ટ્રીપ પૂરી કરે છે. આ બધી બસિસ કુલ મળીને ૩૪.૫૨ લાખ કિલોમીટર જેટલું અંતર દરરોજ કાપે છે. ગુજરાતના ૧૮,૩૬૭ ગામડાઓ એટલે કે ૯૯.૩૪ % ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે. દરરોજ ૧૮.૨૧ લાખ ગ્રામીણ મુસાફરો, ૪૬ હજાર શહેરી મુસાફરો અને ૮.૩૦ લાખ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૨૭.૧૮ લાખ મુસાફરો એસ.ટી. બસિસમાં મુસાફરી કરે છે. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને સંઘ પ્રદેશ સુધી આ બસ સેવાઓ વિસ્તરેલી છે. હાલ એસ.ટી. નિગમ પાસે કુલ ૮,૩૨૦ જેટલી બસિસની ફ્લિટ છે. જેમાં ૨૦ વોલ્વો સ્લીપર, ૫૦ વોલ્વો સીટર, ૫૦ એ.સી. સ્લીપર, ૫૦ એ.સી. સીટર, ૫૦ ઈલેક્ટ્રીક, ૪૩૧ નોન એસી સ્લીપર, ૭૦૩ ગુર્જર નગરી, ૫,૫૫૬ ડીલક્સ એક્સપ્રેસ, ૧૧૦૫ મીની બસ અને ૩૦૦ લક્ઝરી બસનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારની એસટી પરિવહન સેવાનું સૌથી ઉત્કૃષ્ટ પાસુ તેનું ઈ-ગવર્નન્સ છે. ઓનલાઈન ટિકિટ બુકિંગ, પેસેન્જર રિઝર્વેશન, ઈલેક્ટ્રોનિક પાસ, સીસીટીવી બેઝ્ડ વિજિલન્સ, જીપીએસ બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઊઈ કોડ અને UPI પેમેન્ટ સુવિધા, ૨૪ કલાક કાર્યરત IVRS ટોલ ફ્રી હેલ્પ ડેસ્ક, રાણીપ-અમદાવાદ ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેવી બહુ આયામી સુવિધાઓ સરકારે નાગરિકોને પૂરી પાડી છે. ખખડતી બસ, તૂટેલી બારીઓ અને રૂમાલ મૂકીને જગ્યા રોકવી એ દિવસો એસ.ટી.નો ભૂતકાળ બની ગયો છે. એસ.ટી. નિગમની મોબાઈલ ફોન એપ્લિકેશનથી ઓનલાઈન બુકિંગ, એડવાન્સ બુકિંગ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. બસ ભાડે લેવી, બસના ટાઈમ ટેબલ જોવા, બસને ટ્રેક કરવી સહિતની તમામ સુવિધાઓ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાંઆ એપ્લિકેશન પર



ઉપલબ્ધ છે. GSRTCની ઓનલાઈન ટિકિટ બુકિંગ સુવિધાના માધ્યમથી રોજ સરેરાશ ૬૮,૦૦૦ ટિકિટ ઓનલાઈન બુક થાય છે, જે ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ સૌથી વધુ છે. આ વર્ષે એક જ દિવસમાં સૌથી વધુ ૧,૪૨,૦૦૦ ઓનલાઈન ટિકિટ બુકીંનો GSRTCએ વિક્રમ સર્જ્યો છે. GSRTCની મોબાઈલ ફોન એપ્લિકેશનને ૪.૬ રેટિંગ મળેલું છે, તે પણ અને રાજ્યોની ઓનલાઈન એપ્લિકેશનને મળેલા રેટીંની સાપેક્ષે ખુબ સારુ છે. GSRTC સ્મૂધ ઓનલાઈન બૂકિંગ સેવા આપતી હોવાને કારણે ૦૧ કરોડ ૧૦ લાખ પ્રવાસીઓનો ડેટાબેઝ ધરાવે છે. રોજના ૧૦ લાખ યુઝર્સ GSRTCની ઓનલાઈન એપ્લિકેશન કે વેબસાઈટનો ઉપયોગ કરે છે. રાજ્ય સરકારે એસ.ટી. સેવાઓના માધ્યમથી જનતાને રાહત દરે પરિવહન સુવિધા પૂરી પાડી છે. માત્ર એટલું જ નહીં, સમાજના જરૂરતમંદ વર્ગોને રાહત દરે અથવા તો સંપૂર્ણ નિઃશુલ્ક પરિવહન સેવા એસ.ટી.ના માધ્યમથી પૂરી પાડીને કલ્યાણ રાજ્યનો ધ્યેય પણ પાડ્યો. ગ્રામીણ વિદ્યાર્થીનીઓ, પારિતોષિક વિજેતા શિક્ષકો, દિવ્યાંગજનો, કેન્સર પીડીતો, સ્વાતંત્ર્ય સેનાની અને તેમની વિધવા વિગેરેને પ્રવાસ શુલ્કમાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ૮૨.૫૦% તેમજ રમતવીરો, પત્રકારો અને ડેઈલી કોમ્યુટ કરતાં મુસાફરોને પ્રવાસ શુલ્કમાં ૫૦% રાહત-ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

નિયત રૂટ પર સેવા આપવાની સાથે સાથે એસ.ટી. નિગમ કેઝ્યુલ કોન્ટ્રાક્ટ, લગ્ન પ્રસંગ, પાર્સલ પહોંચાડવા, ગ્રુપ બુકિંગ, ધાર્મિક અને સામાજિક મેળાવડા વિગેરે પ્રસંગોએ પણ જરૂરિયાત મુજબ બસ સેવાઓ પૂરી પાડે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એસ.ટી. નિગમે અલ્ટરનેટ ફ્યુલ બસિસનો પર્યાવરણપ્રિય અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જાન્યુઆરી ૨૦૨૪માં ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતેથી ડબલ ડેકર ઈલેક્ટ્રીક બસ સેવાનો શુભારંભ કરાવ્યો હતો. FAME-II સબસીડી અંતર્ગત રાજ્ય સરકારે ૫૦ ઈલેક્ટ્રીક બસિસ એસટી નિગમની ફ્લિટમાં સામેલ કરી છે, આગામી સમયમાં વધુ ૨૫૦ ઈલેક્ટ્રીક બસિસ સામેલ કરવાનું આયોજન છે.

અમદાવાદ-ગાંધીનગર; અમદાવાદ-વડોદરા; રાજકોટ-મોરબી; રાજકોટ-જુનાગઢ; રાજકોટ-જામનગર અને વડોદરા-એકતાનગર વચ્ચે સ્પેશિયલ ઈલેક્ટ્રીક બસિસ દોડાવાઈ રહી છે. સામાજિક ઉત્તરદાયિત્વ અને પર્યાવરણ સુરક્ષાની નેમને પાર પાડવા એસ.ટી. નિગમે પાયલોટ પ્રોજેક્ટના ધોરણે ત્રણ ડીઝલ બસોને એલ.એન.જીમાં કન્વર્ટ કરવા માટે રેટ્રો ફીટીંગ કર્યું છે. રાજ્ય સરકારનું એસ.ટી. નિગમ મુસાફરોની સુવિધા, સલામતી-સુરક્ષા અને અકસ્માત નિવારણ માટે સંપૂર્ણ સાવચેત અને કટિબદ્ધ છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રુલ્સ ગાઈડલાઈન્સ મુજબ તમામ બસિસના ચેસીસ અને ફેબ્રિકેશન મટીરીયલ પ્રોક્યોર કરવામાં આવે છે. ઓટોમોટીવ ઈન્ડસ્ટ્રીઝ સ્ટાન્ડર્ડ મુજબના બસ સર્ટિફિકેશન પણ નિગમ દ્વારા મેળવવામાં આવે છે. GSRTC yu BS-VI એમિમિશન નોર્મ્સ અનુસરતી ૩૮૦૦ બસ કાર્યરત કરનારુ દેશનું પહેલું સ્ટેટ ટ્રાન્સપોર્ટ યુનિટ છે. રાજ્ય સરકારે જાહેર પરિવહનને વધુ સુખદાયક અને આરામદાયક બનાવવા માટે અનેક નવતર પહેલ કરી છે, નવીનતમ પ્રકલ્પો સાકાર કર્યા છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ-પી.પી.પી. ધોરણે બસ સ્ટેશન/ બસ પોર્ટનું ડેવલપમેન્ટ તેનું જ્વલંત ઉદાહરણ છે. અમદાવાદના રાણીપ અને ગીતામંદિર બસપોર્ટ, બરોડા સેન્ટ્રલ, મકરપુરા, મહેસાણા-મોઢેરા, અડાજણ સુરત, રાજકોટ સેન્ટ્રલ બસ સ્ટેશન અને પાલનપુર આ તમામ બસ પોર્ટ પી.પી.પી. ધોરણે ડેવલપ કરવામાં આવ્યા છે.

## પોલીસની ફરજ દરમિયાન સાચા અર્થમાં જનસેવા થઈ શકે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત કેડરના નવ પ્રોબેશનર આઈ.પી.એસ. અધિકારીઓ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સૌજન્ય મુલાકાતે પધાર્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, પોલીસ પ્રશાસનમાં લોકોની જે સેવા થઈ શકે એવી સેવા અન્ય વિભાગોની નોકરી દરમિયાન ન થઈ શકે. પોલીસની ફરજ દરમિયાન સાચા અર્થમાં જનસેવા થઈ શકે. આચાર્ય દેવવ્રતે કહ્યું કે, તપસ્યા, પરિશ્રમ અને બુદ્ધિપ્રતિભાથી આઈ.પી.એસ. બન્યા પછી પોલીસના ઉચ્ચ અધિકારી તરીકે જનસેવા કરવાની તમને સુવર્ણ તક મળી છે ત્યારે જરૂરિયાતમંદ વ્યક્તિને સુખના દિવસો દેખાડી શકો એવી રીતે ફરજ બજાવજો. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ માં ઈન્ડિયન પોલીસ સર્વિસમાં જોડાયેલા ૭૬ આર.આર. બેચના ગુજરાત કેડરમાં આવેલા નવ પ્રોબેશનર આઈ.પી.એસ. અધિકારીઓ સરદાર વલ્લભભાઈ નેશનલ પોલીસ એકેડેમી, હૈદરાબાદમાં તાલીમ લીધા પછી ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈમાં સ્ટેટ લૉ અને અન્ય તાલીમ લઈ રહ્યા છે. આ તાલીમ દરમિયાન પ્રોબેશનર આઈ.પી.એસ. અધિકારીઓએ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સાથે મુલાકાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યુવા અધિકારીઓને સફળતા માટે શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવવાનો અવસર મળ્યો છે એ અત્યંત સારી બાબત છે. આગામી પાંચ વર્ષમાં 'વિકસિત ગુજરાત' બનવાની ક્ષમતા અને સમર્થતા ધરાવતું ગુજરાત 'શાંત' રાજ્ય છે. અહીંના લોકો શાંતિ, પ્રગતિ અને વિકાસના માર્ગે છે ત્યારે ધૈર્ય અને ચિંતનપૂર્વક કોઈને પણ અન્યાય ન થાય એ પ્રકારે ફરજ બજાવવા તેમણે પ્રોબેશનર આઈ.પી.એસ. અધિકારીઓને અનુરોધ કર્યો હતો. જરૂરિયાતમંદ દુઃખી વ્યક્તિનું દુઃખ દૂર કરવા હંમેશા પ્રયત્નશીલ રહેવાની તેમણે શીખ આપી હતી.

## સિક્કિમની ૩૦ વર્ષીય યુવતીને મોત ગુજરાત ખેંચી લાવ્યું

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતના અપમાર્કેટ સિટી લાઈટ રોડ વિસ્તારમાં આવેલા અમૃતા સ્પા એન્ડ સેલોન સેન્ટરમાં લાગેલી આગમાં બેનુ લિમ્બો ઉપરાંત તેની ૩૩ વર્ષીય મિત્ર મનીષા દમાઈનું પણ મૃત્યુ થયું હતું. પોલીસે જણાવ્યું કે બંનેના મોત શ્વાસ રૂંધાવાને કારણે થયા છે. બંનેના મૃતદેહ સ્પાના બાથરૂમમાંથી મળી આવ્યા હતા. તે સ્પા બિલ્ડિંગના ત્રીજા માળે હતું. સુરત પોલીસે સ્પાના માલિક દિલશાદ ખાન અને સન જિમના માલિક વસીમ મિસ્ત્રી અને શાહનવાઝ મિસ્ત્રી વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ જિમમાં ઈલેક્ટ્રીકલ પેનલને કારણે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. સ્પાના કાચના દરવાજામાં ફિંગરપ્રિન્ટ સેન્સર લગાવવામાં આવ્યા છે. પોલીસ અનુમાન કરી રહી છે કે બેનુ લિમ્બો અને મિત્ર મનીષા દમાઈ ગેટ ખોલી ન શકવાથી અંદર અટવાઈ ગયા હતા, જ્યારે તેમના ત્રણ સાથીદારો સમયસર નાસી છૂટવામાં સફળ થયા હતા. દિવાળીના તહેવાર બાદ મંગળવારે સ્પા ખોલવામાં આવ્યો હતો જ્યારે ગુરુવારે જીમ ખોલવાનું હતું. હવે પ્રશાસને તપાસ માટે આ સમગ્ર પરિસર સીલ કરી દીધું છે. પોલીસના જણાવ્યા અનુસાર, બેનુ લિમ્બો અને મનીષા દમાઈ બંને એકબીજાને ઓળખતા હતા અને લોનાવલાના એક સ્પામાં સાથે કામ કરતા હતા. મનીષાના કહેવા પર બેનુ લિમ્બો લોનાવાલાથી સુરત આવી હતી. બેનુ લીંબો બે મહિના પહેલા નોકરી છોડી સુરત શિફ્ટ થઈ ગઈ હતી. ત્રણ દિવસ પહેલા તે સ્પાના માલિકે આપેલા ક્વાર્ટરમાં શિફ્ટ થઈ ગઈ હતી. તેમનો પગાર મહિને ૧૮,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો હતો.

### રાજ્યના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ઉપર ખરીદી શરૂ થશે

## મુખ્યમંત્રી હિંમતનગરથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરાવશે

### હાલ કુલ 3.33 લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરી સુયોગ્ય આયોજન કર્યું છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. કૃષિ મંત્રી રાઘવજીભાઈએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા.૧૧ નવેમ્બરના રોજ એકસાથે રાજ્યભરના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂ.૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે. કોઈપણ અફવાઓ કે વાતોમાં આવ્યા વગર ટેકાના ભાવે વેચાણનો લાભ લેવા રાજ્યભરના ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

### આગરા-લખનઉ એક્સપ્રેસ હાઇવે પર અકસ્માત

## મથુરા જતા ગુજરાતી શ્રદ્ધાળુઓથી ભરેલી બસનો ગમખ્વાર અકસ્માત

। (એજન્સી) આગ્રા, તા.૮ ।

હરિદ્વારથી અયોધ્યા ગુજરાતી શ્રદ્ધાળુઓથી ભરેલી બસનો ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આગરા-લખનઉ એક્સપ્રેસ હાઈવે પર બસની ટ્રોલી સાથે ટક્કર બાદ ત્રણ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જ્યારે ૫૦ જેટલા ગુજરાતીઓને ઈજા પહોંચી છે. જેમાં ૨ લોકોની હાલત ગંભીર હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઇ છે.

બસ અકસ્માતમાં ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓને સૈફઇ મેડિકલ કોલેજ, ફિરોજાબાદ જિલ્લાની હોસ્પિટલ અને શિકોહાબાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતમાં ભોગ બનેલા ગુજરાતીઓ દાદાર નગર હવેલીના રહેવાનું હોવાનું જાણવા મળ્યું છે. તેઓ તીર્થયાત્રાએ નિકળ્યા હતા. આ લોકો કાશી વિશ્વનાથ અને અયોધ્યામાં પ્રભુ રામના દર્શન કરી મથુરા વૃંદાવન જઇ રહ્યા હતા. ફિરોજાબાદ જિલ્લામાં આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર માઈલ્સ્ટોન ૫૪ પાસે અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ત્રણ લોકોના મોત નિપજ્યા છે. આ લોકો અયોધ્યાથી મથુરા જઇ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## રિલીફ રોડ પર દરોડો પાડી ગેરકાયદેસર નાણાની હેરાફેરીના કૌભાંડનો પર્દાફાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગાંધીનગર CID ક્રાઈમની ટીમે અમદાવાદના રિલીફ રોડ વિસ્તારમાં આવેલી એક દુકાનમાં દરોડો પાડીને ગેરકાયદેસર નાણાંની હેરાફેરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીનગર CID ક્રાઈમને બાતમી મળી હતી કે, રિલીફ રોડ પર આવેલ રિલીફ આર્કેડની દુકાનમાં વિવિધ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે નાણાંની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે દરોડો પાડતા સલીમ એહમદ મનસુરી, મોહસીનખાન મુસ્તાકખાન પઠાણ અને મોહમદફારૂક ઈકબાલ પટણી દુકાનો ભાડે રાખી પોતાની દુકાનમાં જૂદી જૂદી બેક્રના એકાઉન્ટનો ઉપયોગ કરી ગેરકાયદેસર, શંકાસ્પદ રીતે નાણાંની હેરાફેરી અને બિલ વગરના શંકાસ્પદ મોબાઈલ મળી આવ્યા હતા. આ રેઈડ દરમ્યાન ઉપરોક્ત વ્યક્તિઓની દુકાનમાં અલગ અલગ જગ્યાએથી અલગ અલગ બેક્રોના ક્રેડીટ/ડેબિટ કાર્ડ્સ કુલ નંગ-૨૩૬, અલગ અલગ બેક્રની ચેકબુક નંગ-૭, અલગ અલગ બેક્રોના પી.ઓ.એસ. મશીન કુલ નંગ-૧૨ તેમજ ૧- લેપટોપ, ૧-ટેબલેટ અને મોબાઈલ નંગ-૪૬ વિગેરે કિંમત રૂ ૧૭,૬૦,૦૦૦ નો મુદ્દામાલ તપાસના કામે કબજે લેવામાં આવેલા છે.

## મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે સુરખાઇ ખાતે ટ્રાઈબલ ટ્રેડ ફેરને ખુલ્લો મુકાયો

### આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર - સરકાર તમામ યોજનાઓમાં સાથ સહકાર આપી રહી છે

। ગાંધીનગર, તા.૮ ।



આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર - આદિવાસી નવ યુવાનોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓથી માહિતગાર કરી, ઉદ્યોગ/ધંધા માટે પ્રેરણા આપવાના શુભ આશય સાથે સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્ય દ્વારા ટ્રાઈબલ ટ્રેડ ફેરનું આયોજન સુરખાઇ, ચીખલી ખાતે કરાયું હતું. આ મેળાને રાજ્યના આદિજાતિ વિકાસ, પ્રાથમિક-માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના વરદહસ્તે તથા વલસાડ સાંસદ ધવલ પટેલ, ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ સહિત વિવિધ સ્થાનિક પદાધિકારીઓની ઉપસ્થિતીમાં આ મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના આર્થીક, સામાજિક, શૌક્ષણિક ઉત્થાન માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આજના સમયમાં નોકરી મેળવવા સ્પર્ધામાં ઉતર્વું પડે જેના માટે આપણે ભણતર અને કૌશલ્યમાં પારંગત થવું જરૂરી છે એમ જણાવ્યું હતું.મંત્રીશ્રીએ આદિવાસી વિરાસત આપણી સંસ્કૃતિ ધીરે ધીરે વિસરાઇ રહી છે તેને પુનરૂત્થાન કરવું આપણા સૌની જવાબદારી છે એમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આ વર્ષને મિલેટ વર્ષ જાહેર કરી વડાપ્રધાનશ્રીએ ૫રંપરાગત ધાન્યોના સન્માનમાં વધારો કર્યો છે. મંત્રીશ્રીએ મિલેટ્સને આપણો વારસો ગણાવી રસાયણીક ખેતી તરફ વળેલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે પ્રાકૃતિક ખેતીની ખુબ માંગ છે બજાર ભાવ પણ સારો મળે છે એમ જાણકારી આપી હતી. મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ અને આદિજાતી વિભાગની અનેક યોજનાઓ અંગે જાણકારી આપી તેનો લાભ લેવા તથા પોતાના હકો અને અધિકારો બાબતે જાગૃત બનવા અપીલ કરી હતી.

## થરા બહુચરજી મંદિરેથી નગરદેવીના ૫૧મા પગપાળા સંઘનું ધામધૂમથી પ્રસ્થાન



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના થરા નગરમાં જુના ગામતળમાં આવેલ બાલા બહુચરમાતાજીના મંદિરેથીછેલ્લા ૫૧ વર્ષથી પગપાળા સંઘ મોટા બહુચરાજી જાય છે ગઈકાલે આ પગપાળા સંઘનું પ્રયાણ સવારે ૬-૦૦ વાગે થયેલ ટોટાણા ચા નાસ્તો કરી નાણા મુકામે બપોર ભોજન પ્રસાદ હારીજ ભજન અને વિરામ કરી આજે તા.,૯/૧૧/૨૦૨૪ને શનિવારે સંઘ પ્રયાણ કરી સવારે બીલીયા ચા નાસ્તો કરી શંખલપુર બપોરે ભોજન પ્રસાદ અને ધજા ચડવવાનું રંગે ચંગે સાંજે બહુચરાજી મનુ પંચાલવાડી ભોજન પ્રસાદ ,રવિવારે બહુચરાજી ખાતે ચા નાસ્તો કરી મનુ પંચાલ વાડીથી બહુચરમા મંદિર તરફ ભવ્યાતિભવ્ય શોભા યાત્રા બહુચરાજી મંદિરે ધજા રંગે ચંગે ચડવવાની અને મનુ પંચાલ વાડી રાજભોગ ભોજન પ્રસાદ.

### અદ્દભૂત કહો કે પાગલપન

## અમરેલીમાં ખેડૂતે કારને આપી સમાધિ, ઢોલ-નગારા સાથે કાઢ્યું સરઘસ

### પાડરશીંગા ગામમાં સંજય પોલારાએ તેમની લકી કારને સંતોની હાજરીમાં ૧૫૦૦ લોકોના જમણવારની સાથે વિદાય આપી

। (એજન્સી) અમરેલી, તા. ૮ ।



કોઈ સંતો-મહંતોને સમાધિ અપાય કે કોઈ વ્યક્તિ પાળેલા પ્રાણીને સમાધિ આપે, તેવી ઘટનાઓ તો રોજબરોજ બને છે પરંતુ ગુજરાતના અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના પાડરશીંગા ગામમાં એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક ખેડૂતે પોતાની જૂની કારને સમાધિ આપીને સ્મારક બનાવ્યું છે. આ દરમિયાન વિધિ મુજબ પૂજા કરવામાં આવી હતી અને સમગ્ર ગામમાં ખૂબ જ ધામધૂમથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોની હાજરીમાં ખાડો ખોદીને કારને દફનાવવામાં આવી હતી. અમરેલીના પાડરશીંગા ગામમાં સંજય પોલારાએ તેમની લકી કારને સંતોની હાજરીમાં ૧૫૦૦ લોકોના જમણવારની સાથે કારને વિદાય આપી છે. અમરેલી જિલ્લાના પાડરસિંગા ગામમાં અનોખી ઘટના સામે આવી છે. શું તમે ક્યારેય વિચાર્યું કે કોઈ નિર્જીવ વસ્તુની પણ સમાધિ હોય શકે? અમરેલીમાં આ ઘટના હકીકત બની છે. એક ખેડૂતે પોતાની જૂની કારને સમાધિ આપીને સ્મારક બનાવડાવ્યું છે. આ દરમિયાન વિધિ-વિધાનથી પૂજા-પાઠ કરવામાં આવ્યા હતા અને આખા ગામમાં ધામધૂમથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાધુ-સંતોની હાજરીમાં ખાડો ખોદીને કારને દફનાવવામાં આવી હતી. અમરેલીના લાઠી તાલુકાના પાદરશીંગા ગામમાં લોકો પૂરા ઉત્સાહ સાથે ઢોલ અને ડીજે વગાડી રહ્યા હતા. અહીં ખેડૂત સંજય પોલારાની જૂની કારને ફૂલોથી શણગારવામાં આવી હતી. સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિમાં કારને જમીનમાં દાટી દેવા સમગ્ર ગામ ઉમટી પડ્યું હતું. સંજય પોલારાએ વર્ષ ૨૦૧૩-૧૪માં આ કાર ખરીદી હતી. ખેડૂત સંજય પોલારાનું માનવું છે કે આ ફોર-વ્હીલરને કારણે તેમનું જીવન આગળ વધ્યું છે, તેથી તેઓ પોતાનું વાહન વેચવાને બદલે તેને સમાધિમાં આપવા માંગતા હતા.

